dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-325 | AD-2026, Shravan Vad -03 | Monday, Dt.31-08-2026 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ન્યૂ યોર્કમાં યોજાયેલા 'એક વિશ્વ, એક માનવતા' કાર્યક્રમમાં વિચાર રજુ કર્યા

ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવો જોઈએ એવું વિચારવું હિન્દુત્વ નથી : મોહન ભાગવત

ન્યૂયોર્ક,તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ન્યૂ યોર્કમાં યોજાયેલા 'એક વિશ્વ, એક માનવતા' (યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન) કાર્યક્રમમાં ધર્મ, માનવતા અને ભારતીય પરંપરાઓ વિશે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારતની પરંપરાગત વિચારસરણી મુજબ ધર્મો અને પધ્ધતિઓ અલગ હોઈ શકે છે, પરંતુ માનવતા એક જ છે. મોહન ભાગવતે ભારપૂર્વક કહ્યું કે જો કોઈ હિન્દુ એવું માને છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિન્દુ જ રહેતો નથી. સાચું હિન્દુત્વ દરેક માનવીના ગૌરવ અને સમાનતામાં વિશ્વાસ ધરાવે છે.

પોતાના સંબોધનમાં તેમણે દિલ્હીના ૨૦૧૮ના એક કાર્યક્રમનો ઉલ્લેખ કરતા કહ્યું કે, કેટલાક મુસ્લિમ ભાઈઓએ તેમને પૂછ્યું હતું કે હિન્દુ રાષ્ટ્રમાં મુસ્લિમોનું સ્થાન શું હશે. તેના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે મુસ્લિમો વિના હિન્દુ રાષ્ટ્રની કલ્પના શક્ય નથી અને જે હિન્દુત્વ મુસ્લિમોને સ્વીકારતું નથી તે હિન્દુત્વ જ નથી.

આરએસએસ વડાએ વધુમાં ઉમેર્યું કે સત્ય એક જ છે, પરંતુ તેને સમજાવવાની રીતો જુદી જુદી હોઈ શકે છે. આજના વિશ્વમાં ધર્મો તેમની ધાર્મિક વિધિઓ અને પરંપરાઓથી ઓળખાય છે, પરંતુ ભગવાન સુધી પહોંચવાના તમામ માર્ગોનું અંતિમ ધ્યેય એક જ છે. તેમણે



ભારતીય સમાજને યોગ્ય શિક્ષણ અને સંસ્કારો પૂરતા પાડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જો સમાજને સતત જાગૃત નહીં કરવામાં આવે, તો તે ગેરમાર્ગે દોરાઈ શકે છે, જે ભૂતકાળમાં વિદેશી આક્રમણો વખતે બન્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મોહન ભાગવત આરએસએસના શતાબ્દી વર્ષ નિમિત્તે વૈશ્વિક આઉટરીચ અભિયાન હેઠળ અમેરિકા, કેનેડા અને બ્રિટનના પ્રવાસે છે. ન્યૂ યોર્કના કાર્યક્રમ પહેલાં તેમના ચિત્રો અને 'સંકલ્પ, સંવાદ અને સંકલન'ના સંદેશ સાથે ન્યૂ યોર્કના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેરના વિશાળ ડિજિટલ બિલબોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ આંતરધાર્મિક કાર્યક્રમમાં વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ અને વિદેશી ભારતીય સમુદાયના લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

સિબ્બલે ભાગવત પર સાધ્યું નિશાનઃ 'વિદેશમાં સમજદારીપૂર્વકની વાતો, ઘરમાં મૌન'

રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે રવિવારે આરએસએસ વડા મોહન ભાગવત પર નિશાન સાધ્યું હતું. ન્યૂ યોર્કમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાગવતે જણાવ્યું હતું કે વિવિધતામાં એકતા ભારતના ડીએનએમાં છે. તેના પર પ્રતિક્રિયા આપતાં સિબ્બલે સોશિયલ મીડિયા પર લખ્યું કે 'વિદેશમાં શાણા શબ્દો અને ઘરમાં મૌન.' માત્ર શબ્દો જ નહીં, પરંતુ કાર્યો પણ દેખાવા જોઈએ. મોહન ભાગવતે મેડિસન સ્કવેર ગાર્ડનમાં ભારતીય-અમેરિકન સમુદાયને સંબોધતા કહ્યું હતું કે ભારતે વિશ્વને વિવિધતામાં એકતાનો અહેસાસ કરાવવો જોઈએ. બીજી તરફ, ઓલ ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડના મૌલાના યાસુબ અબ્બાસે ભાગવતના નિવેદનની પ્રશંસા કરતા કહ્યું કે હિન્દુ અને મુસ્લિમ દેશની બે આંખો સમાન છે.

મણિપુરમાં ફરી હિંસા ભડકીઃ નોનીમાં આતંકવાદી જૂથો વચ્ચે ગોળીબારમાં એકનું મોત, છ ઘાયલ

મણિપુર,તા.૩૦

મણિપુરમાં હિંસાની બે અલગ-અલગ ઘટનાઓને પગલે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. નોની જિલ્લામાં બે સશસ્ત્ર આતંકવાદી જૂથો વચ્ચે થયેલા ભારે ગોળીબારમાં એક આતંકવાદીનું મોત નીપજ્યું છે, જ્યારે છ અન્ય સભ્યો ઘાયલ થયા છે. દરમિયાન, થૌબાલ જિલ્લામાં એક તેલ પંપ પર અજાણ્યા શખ્સો દ્વારા ગ્રેનેડ ફેંકવામાં આવતાં ભારે વિસ્ફોટ થયો હતો, જોકે સદનસીબે આ ઘટનામાં



કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, નોની જિલ્લામાં ઝેલિયાંગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટના બે જૂથો વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો, જેમાં ૩૭ વર્ષીય જંગૈલિંગ ગોનમેઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘાયલો પૈકી પાંચ વ્યક્તિઓને ઈમ્ફાલની જવાહરલાલ નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં જ્યારે એક વ્યક્તિને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તમામની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય ઘટનામાં થૌબાલ જિલ્લાના એક તેલ પંપ પર કારમાં આવેલા અજાણ્યા શખ્સો ઓઈલ ટેન્કર પાસે ગ્રેનેડ ફેંકીને ફરાર થઈ ગયા હતા. વિસ્ફોટને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

રશિયાના ડ્રોન હુમલાથી કિવ પાસેનો હથિયાર ડેપો ભસ્મીભૂતઃ મહાવિસ્ફોટમાં ૩૭નાં મોત

કિવ,તા.૩૦

રશિયાએ યુક્રેનની રાજધાની કિવની પશ્ચિમે આવેલા મિલા ગામમાં શુક્રવારે મોડી રાત્રે એક હથિયાર ડેપો પર ભયાનક ડ્રોન હુમલો કર્યો હતો. આ હુમલાના કારણે ડેપોમાં રાખવામાં આવેલા ગોળા, બારૂદી સુરંગો અને ડ્રોનમાં એકસાથે મહાવિસ્ફોટ થતાં આખું ગામ ખંડેરમાં ફેરવાઈ ગયું હતું. BBCના રિપોર્ટ મુજબ, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૭ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ચાર બાળકો સહિત ૪૨ લોકો ગંભીર




રીતે ઘાયલ થયા છે.હુમલાના ધડાકા એટલા ભીષણ હતા કે આસપાસના લગભગ ૧૩૦ ઘરો અને ઈમારતોને ભારે નુકસાન પહોંચ્યું છે. હથિયાર ડેપોથી ૨૦૦ મીટર દૂર રહેતા સ્થાનિકોના મકાનોની દીવાલો અને બારીઓમાં મોટી તિરાડો પડી ગઈ છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ડેપોમાં લાંબા અંતર સુધી ઉડાન ભરનારા FP-1 અને FP-2 ડ્રોનના પાર્ટ્સ તેમજ બૂસ્ટર રાખવામાં આવ્યા હતા.ઘટના બાદ શનિવારે પણ ઘટનાસ્થળે સ્ટેટ ઈમરજન્સી સર્વિસ અને ફાયર ફાઈટર્સ દ્વારા આગ ઓલવવાની તથા રાહત-બચાવ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સુરક્ષાની દ્રષ્ટિએ હથિયારોનો આવો મોટો ભંડાર રહેણાંક વિસ્તારની આટલો નજીક ન હોવો જોઈએ.

દ્વિપક્ષીય બેઠકમાં મહત્વપૂર્ણ કરારો સંપન્ન

વડાપ્રધાન મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન એનાયત

નવી દિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉઝબેકિસ્તાન યાત્રા દરમિયાન તેમને દેશના સર્વોચ્ચ સન્માનથી નવાજવામાં આવ્યા છે. તાશ્કંદ ખાતે યોજાયેલા વિશેષ સમારોહમાં રાષ્ટ્રપતિ શવકત મિર્ઝિયોયેવે વડાપ્રધાન મોદીને આ એવોર્ડ અર્પણ કર્યો હતો. આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો યોજાઈ હતી, જેમાં આર્થિક સહયોગ, ટેકનોલોજી, ઊર્જા, વેપાર અને વ્યૂહાત્મક



ભાગીદારીને મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે જ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચેના સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના નવા સ્તર પર લઈ જવાની જાહેરાત કરાઈ હતી.

દ્વિપક્ષીય વાતચીત બાદ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સહયોગના વિવિધ પાસાઓના યોગ્ય સંચાલન માટે વિદેશ મંત્રી સ્તરે એક વિશેષ સંકલન પરિષદની સ્થાપના કરવામાં આવશે. સાથોસાથ સંયુક્ત કમિશનને સચિવ સ્તરથી વધારીને મંત્રી સ્તર સુધી ઉન્નત કરવાનો નિર્ણય લેવાયો છે. બંને દેશોના વેપારી નેતાઓને સાંકળીને સંયુક્ત રીતે બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, ભારતમાં ઊર્જા જરૂરિયાતો માટે યુરેનિયમ પુરવઠા અંગે લાંબા ગાળાની વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે.


બંને દેશો વચ્ચે ત્રણ 'સિસ્ટર-સિટી' અને 'સિસ્ટર-સ્ટેટ' વ્યવસ્થા ઊભી કરવાનો પણ મહત્વનો નિર્ણય લેવાયો છે. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝિયોયેવે ડિજિટલાઈઝેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સ્પેસ રિસર્ચ અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતની અભૂતપૂર્વ પ્રગતિના મુક્ત મને વખાણ કર્યા હતા. તેમણે ઉમેર્યું કે વૈશ્વિક સ્તરે ભારતનો પ્રભાવ અને અવાજ વધુ મજબૂત બની રહ્યો છે, જે બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે.

યુપીમાં આંગણવાડી કાર્યકરો અને સહાયકોના માનદ વેતનમાં પચાસ ટકા વધારાની તૈયારી

લખનૌ,તા.૩૦

ચૂંટણી વર્ષમાં રાજ્ય સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોના માનદ વેતનમાં પચાસ ટકાનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. બાળ વિકાસ સેવાઓ અને પોષણ વિભાગના પ્રસ્તાવ મુજબ આંગણવાડી કાર્યકરોનું વેતન આઠ હજારથી વધીને બાર હજાર અને સહાયકોનું વેતન ચાર હજારથી વધીને છ હજાર રૂપિયા પ્રતિ માસ થશે. આ નિર્ણયથી આશરે ૧.૮૪ લાખ કાર્યકરો અને ૧.૬૭ લાખ સહાયકોને લાભ મળશે, જેનાથી રાજ્યના ખજાના પર વાર્ષિક ત્રણ હજાર કરોડથી વધુનો આર્થિક બોજ પડશે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૩૧-૦૮-૨૦૨૬

ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના પ્રયત્નોથી અમરેલીથી ચિતલ બસ સેવાનો પ્રારંભ

અમરેલી, તા. ૩૦



અમરેલીના મુસાફરોને વંદે ભારત ટ્રેનનો સરળતાથી લાભ મળી રહે તે માટે ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કરેલી બસ સેવા શરૂ કરવાની જાહેરાત રંગ લાવી છે. અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બસ સેવાને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વંદે ભારત ટ્રેનના સમયને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી આ બસ સેવા શહેર તેમજ આસપાસના વિસ્તારના મુસાફરો માટે મહત્વપૂર્ણ સુવિધા બની રહેશે. હવે મુસાફરોને અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી પહોંચવામાં સરળતા રહેશે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી શહેર ભાજપ દ્વારા ડૉ. જીવરાજ મહેતાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

અમરેલી, તા. ૩૦



અમરેલીના પનોતા પુત્ર અને ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાની ૧૩૯મી જન્મજયંતી નિમિત્તે અમરેલી શહેર ભાજપ દ્વારા જીવરાજ મહેતા ચોક (રાજકમલ ચોક) ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવાંજલિ આપવામાં આવી હતી.શહેર ભાજપના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવાડિયા, જિલ્લા ભાજપના મહામંત્રી મયુરભાઈ માંજરીયા, શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકાના હોદ્દેદારો, સભ્યો, મહિલા મોરચા, યુવા મોરચા તથા વિવિધ મોરચાના આગેવાનો અને કાર્યકરોએ પણ હાજરી આપી હતી. ઉપસ્થિત સૌએ ડૉ. જીવરાજ મહેતાના જીવન અને લોકસેવાના કાર્યોને યાદ કરી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

નાની કુંડળ ગામે ૭૭મા ગ્રામ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી

બાબરા, તા.૩૦



સામાજિક વનીકરણ રેન્જ બાબરા દ્વારા નાની કુંડળ ગામે ૭૭મા ગ્રામ્ય કક્ષાના વન મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સરકારના પર્યાવરણ અને વન વિભાગના 'હરિયાળું ગામ અભિયાન' અંતર્ગત ગામની પડતર જમીન, ગૌચર, શાળા તેમજ પંચાયત ઘરની આસપાસ સામૂહિક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ વિનોદભાઈ તલાવડીયા, ઉપસરપંચ અશ્વિનભાઈ સોલંકી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયામાં ડો. તોગડીયાના પ્રવાસ સંદર્ભે બેઠક યોજાઈ નવા હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા સૂચન

લીલીયા, તા.૩૦



લીલીયા મુકામે આવેલ જલારામ મંદિરે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ અને સ્થાપક ડો. પ્રવીણ તોગડીયાના આગામી પ્રવાસના આયોજનના ભાગરૂપે સમસ્ત હિંદુ સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં લીલીયા પ્રવાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડો. ગજેરા, રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય મજદૂર પરિષદ જિલ્લા અધ્યક્ષ નિલેશભાઈ સોલંકી, લીલીયા તાલુકા પ્રમુખ રમેશભાઈ ભડકોલીયા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ તાલુકા પ્રમુખ રમેશભાઈ વેકરીયા સહિત વિવિધ હિન્દુ સમાજના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન હિન્દુ સંગઠનને મજબૂત કરવા તેમજ નવા હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા માટે ઉપસ્થિત તમામ હિન્દુ ભાઈઓને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

સુરતના મેયર જન્મભૂમિ શાખપુર પધારતા વતનમાં કરાયું અદકેરૂ સ્વાગત

દામનગર, તા. ૩૦



દામનગરના શાખપુરના બલર પરિવારની પુત્રી અને ગારિયાધાર તાલુકાના સુરનગરના માવાણી પરિવારની પુત્રવધૂ તથા સુરતના મેયર માયાબેન માવાણીએ રક્ષાબંધન પર્વે પોતાના વતન શાખપુરની મુલાકાત લીધી હતી. ગામલોકોએ તેમનું ગૌરવવંતું સન્માન કરી ખુશી વ્યક્ત કરી હતી. માયાબેને બાળપણની સ્મૃતિઓ વાગોળી માતૃભૂમિને સ્વર્ગથી પણ ચડિયાતી ગણાવી હતી. તેમણે ખોડિયાર માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

કોટડાપીઠામાં 'મનકીબાત' કાર્યક્રમ સાથે જનક તળાવીયાનું પ્રથમ સન્માન

બાબરા, તા.૩૦



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને તાજેતરમાં મળેલા 'બેસ્ટ MLA એવોર્ડ' બાદ પ્રથમવાર સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો, આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિપરીત પરિસ્થિતિઓને હરાવી વિજ્ઞાન ક્વિઝમાં ચમક્યો જાબાળનો ભાર્ગવ

સાવરકુંડલા તા. ૩૦



બાઢડા કેળવણી મંડળ સંચાલિત એચ. એન. વિરાણી હાઈસ્કૂલના ધોરણ-૧૦ના વિદ્યાર્થી બોરીસાગર ભાર્ગવ બકુલભાઈએ વિજ્ઞાન ક્વિઝમાં રાજ્યકક્ષાએ નોંધપાત્ર સિધ્ધિ મેળવી છે. ગુજકોસ્ટ અને ગુજરાત સરકાર પ્રાયોજિત 'નેશનલ સ્ટેમ્પ ક્વિઝ ૪.૦'માં ઝોનલ કક્ષાએ સફળતા મેળવી રાજ્યકક્ષાએ પસંદગી પામી હતી. ગાંધીનગર ગુજકોસ્ટ દ્વારા ભાર્ગવને સેમસંગ ટેબલેટ આપી સન્માનિત કરાયો હતો. પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ માતાની મહેનત અને શિક્ષક દિલીપભાઈ રાઠોડના માર્ગદર્શનથી તેણે આ સિધ્ધિ મેળવી છે. શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

દામનગરના પોક્સો અને બળાત્કારના ગંભીર ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને પકડતી અમરેલી પોલીસ

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડે દામનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બળાત્કાર અને પોક્સો (POCSO) જેવા ગંભીર ગુનાના બે આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યા છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં માનવ સંસાધન (હ્યુમન ઈન્ટેલિજન્સ) અને ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે સુરતના નાના વરાછા ખાતેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને તેમજ આણંદના તારાપુર ખાતેથી ૧૮ વર્ષીય મુખ્ય આરોપી સાગરભાઈ વિપુલભાઈ નાથાણી (રહે. આંબરડી, તા. લાઠી) ને રાઉન્ડ અપ કરી આગળની કાર્યવાહી અર્થે દામનગર પોલીસને સોંપ્યા છે.

પોલીસની આ ત્વરિત કામગીરીથી પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

અમરેલીમાં 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમ યોજાયો


અમરેલી, તા.૩૦



ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત અમરેલી કચેરી, કે. કે. પારેખ કોમર્સ કોલેજ અમરેલી તથા એચ. ડી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રાજુલાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ ઓગસ્ટે 'ખેલો ઈન્ડિયા (ખેલ કી બાત પીએમ નરેન્દ્ર મોદી કે સાથ)' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે લાઈવ ઓનલાઈન સંવાદ યોજાયો હતો, જેમાં ૨૮૬ એનએસએસ વોલિએન્ટર્સ અને યુવાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લા યુવા અધિકારી રાકેશ બિશનોઈએ 'ખેલો ઈન્ડિયા' અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઓફિસ આસિસ્ટન્ટ દ્વારા યુવાઓને નશામુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા. નેશનલ ગેમ્સના ગોલ્ડ મેડાલિસ્ટ નકુમ માર્ગી નિલેશભાઈ અને તવિયા ગુંજન અજયભાઈએ ઉપસ્થિત રહી યુવાઓને પ્રેરણા આપી હતી. પ્રોફેસર ડૉ. આશિષ ગોરવાડિયાના સ્વાગત પ્રવચન તથા રાહુલભાઈના સંચાલનમાં કાર્યક્રમ સફળ રહ્યો હતો.

અમરેલીની મોંઘીબા મહિલા કૉલેજ ખાતે રાષ્ટ્રીય રમતગમત દિવસની કરવામાં આવી ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૩૦



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલી દ્વારા મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.વિલાસબેન સોરઠિયાની અધ્યક્ષતામાં અને શારીરિક શિક્ષણ વિભાગના ડૉ.જયશ્રી મકવાણાના માર્ગદર્શન હેઠળ હોકી, ૧૦૦મી દોડ, લોન્ગ જમ્પ, દોરડા કૂદ અને વિવિધ મનોરંજન પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે મેજર ધ્યાનચંદના જીવન અને રમતગમત ક્ષેત્રે તેમના યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

LIMITED TIME
CASH DISCOUNT
OFFER
Hero
Hero DESTINY 125cc
CASH DISCOUNT ₹3,000
Hero PLEASURE+
CASH DISCOUNT ₹3,000
Hero DESTINI 110cc
CASH DISCOUNT ₹2,100
VISIT SHOWROOM TODAY
*T&C Apply
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

સાવરકુંડલામાં રૂ.૩૮.૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ વોટર અને ગટર પ્લાન્ટનું ઉદ્ઘાટન થશે

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા શહેરના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે. શહેરમાં ગંદા પાણીના વૈજ્ઞાનિક શુધ્ધિકરણ અને નગરજનોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે હેતુથી કુલ આશરે રૂ.૩૮.૫૫ કરોડના વિકાસ પ્રોજેક્ટનું આગામી દિવસોમાં લોકાર્પણ કરવામાં આવશે. ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તથા અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે લોકાર્પણ યોજાશે. પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપસ્થિત રહેશે. રૂ.૨૮ કરોડના ખર્ચે ગંદા પાણીના શુધ્ધિકરણ માટે આધુનિક **STP** તૈયાર કરવામાં આવ્યો છે, જ્યારે અમૃત ૨.૦ યોજના હેઠળ રૂ.૧૦.૫૫ કરોડના ખર્ચે ૧૭ **MLD** ક્ષમતાનો **WTP**, સંપ અને **ESR** સહિતની પાણી પુરવઠા સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ બંને પ્રોજેક્ટથી શહેરની સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પાણી પુરવઠા વ્યવસ્થાને નવી ગતિ મળશે.

કેરીયા નાગસ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલનો મફત સર્વ રોગ નિદાન કેમ્પ

અમરેલી, તા.૩૦



કેરીયા નાગસ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના ઉદ્દેશ સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મફત સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી યોજાયેલા કેમ્પમાં ગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી આવેલા ૧૫૦ જેટલા દર્દીઓએ નિઃશુલ્ક તપાસ, નિદાન અને સારવાર અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું. કેમ્પમાં ડેન્ટિસ્ટ ડૉ. સોમિલ સાવલિયા, બાળરોગ નિષ્ણાત ડૉ. શૈલેષ સુદાણી, હોમિયોપેથિક નિષ્ણાત ડૉ. હાર્દિક કાથરોટીયા, આયુર્વેદિક નિષ્ણાત ડૉ. દીક્ષિત ભંડેરી, ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. ચિરાગ કોલડીયા અને ડૉ. રજનીકાંત રીબડીયાએ સેવાઓ આપી હતી. પ્રમુખ લાયન રાકેશ નાકરાણી સહિત ક્લબના સભ્યોએ વ્યવસ્થા સંભાળી હતી. **PHC**ના મેડિકલ ઓફિસર સોનલબેન પટેલ અને સ્ટાફે સહકાર આપ્યો હતો.

સાયબર ક્રાઈમનો વધુ એક કિસ્સો સામે આવ્યો

ગાધકડા ગામના યુવક સાથે દીકરી સહાયના નામે રૂ. ૧૭ હજારથી વધુની ઓનલાઈન છેતરપિંડી

રૂ. ૧૨,૦૦૦ની સરકારી સહાયની લાલચ આપી નાણાં પડાવ્યા

સાવરકુંડલા, તા.૩૦

અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમના અવેરનેસ કેમ્પેઈન છતાં વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામમાં રહેતા એક યુવક સાથે સરકારી યોજનાના નામે સાયબર ગઠિયાએ છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. બાળ વિકાસ કેન્દ્રના અધિકારી તરીકે ખોટી ઓળખ આપી અજાણ્યા શખ્સે ફરિયાદી પાસેથી રૂ.૧૭,૪૦૪ ઓનલાઈન પડાવી લીધા હતા. આ અંગે ગોપાલભાઈ બાવચંદભાઈ બાળધા (ઉ.વ.૩૦)એ અજાણ્યા ઈસમ સ।મે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરે તાજેતરમાં દીકરીનો જન્મ થયો હતો. આ દરમિયાન અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફરિયાદીને ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે 'બાળ વિકાસ કેન્દ્ર'ની મુખ્ય કચેરીમાંથી બોલતો હોવાની ખોટી ઓળખ આપી હતી અને જણાવ્યું હતું કે, તમારી પત્નીની ડિલિવરી થઈ હોય અને દીકરીનો જન્મ થયો હોવાથી સરકારશ્રી તરફથી રૂ.૧૨,૦૦૦ની સહાય મળવાપાત્ર છે. આ સરકારી સહાય મેળવવાની પ્રોસેસના બહાને ગઠિયાએ તેમને વિશ્વાસમાં લઈ, તેમની પાસેથી યુપીઆઈ આઈડી મારફતે તબક્કાવાર કુલ રૂ. ૧૭,૪૦૪ ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં કપાઈ ગયા બાદ છેતરાયાનો અહેસાસ થતાં ફરિયાદ નોંધાવી હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ પી એલ ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

'પવનચક્કીનું કામ નહીં મૂકો તો બાપ-દીકરાને જાનથી મારી નાખીશું' કહી ધમકી આપી

બાબરાના કોટડાપીઠા ગામનો બનાવ

બાબરા, તા.૩૦

બાબરાના કોટડાપીઠા ગામે ×પવનચક્કીનું કામ નહીં મૂકો તો બાપ-દીકરાને જાનથી મારી નાખીશું× તેવી ધમકી આપી હતી. બનાવ અંગે હરપાલભાઈ પથુભાઈ પસીયા (ઉં.વ.૨૯)એ જયપાલભાઈ કિરીટભાઈ બોરીચા તથા વનરાજભાઈ વલકુભાઈ બોરીચા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતાજીએ પવનચક્કીની આઈનોક્ષ કંપનીમાં લાઈઝનિંગનું કામ રાખ્યું હતું. જે કામ આરોપીઓ ખોટી રીતે દાદાગીરી કરીને તેમના પિતા પાસેથી પડાવી લેવા માંગતા હતા.

જેથી આરોપીઓએ ×જો તમે આ પવનચક્કીનું કામ નહીં મૂકો તો બંને બાપ-દીકરાને જાનથી મારી નાખીશું× તેવી ધમકી આપી હતી. તેમજ તેમના પિતાએ લાઈઝનિંગથી રાખેલી પવનચક્કીના લોકેશન પર જઈ બંને આરોપીઓએ ગાળો બોલી લોખંડના પાઈપ વડે ત્યાં પડેલા જે.સી.બી. મશીન તથા મેઈન કેનના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે. સી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અવસાન નોંધ

સાવરકુંડલા,

મનસુખભાઈ મોહનલાલ છાટબાર,(ઉ.વ.૭૬)તે ગો. વા.દુર્લભબદાસ મોહનલાલ છાટબાર, ગો.વા.હિંમતલાલ મોહનલાલ છાટબાર, ગો. વા.રોહિતભાઈ મોહનલાલ છાટબાર, અશોકભાઈ મોહનભાઈ છાટબાર, રાજેન્દ્રભાઈ મોહનલાલ છાટબારના ભાઈનું તારીખ.૨૮ને શુક્રવારના રોજ મુંબઈ મુકામે શ્રીજી ચરણ પામેલ છે. સદગતની સાદડી તારીખ.૩૧ને સોમવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિપંચની વાડી પાછળના ભાગનો રસ્તો સાવરકુંડલા ખાતે રાખેલ છે.

અમરેલી

કાંતાબેન બાબુલાલ વડેરા (ઉં.વર્ષ ૯૦)તે સ્વ ગોવિંદજીભાઈ કલ્યાણજીભાઈ માધવાણીની દીકરી, સ્વ પરમાનંદભાઈ ગોવિંદજીભાઈ માધવાણી, સ્વ હરજીવન દાસ ગોવિંદજીભાઈ માધવાણી, સ્વ જગજીવનદાસ ગોવિંદજીભાઈ માધવાણી, સ્વ ઓધવજીભાઈ ગોવિંદજીભાઈ માધવાણી, સ્વ પરસોતમદાસ ગોવિંદજીભાઈ માધવાણી, સ્વ જયંતીલાલ ગોવિંદજી ભાઈ માધવાણીની બહેનનું અવસાન તારીખ.૨૯ના રોજ અમરેલી મુકામે થયેલ છે.પીયર પક્ષની સાદડી અમરેલી મુકામે પ્રાર્થના સભા સાથે તા. ૩૧ને સોમવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ કલાકે મહાજન પાર્ટી પ્લોટ ગોપી ટોકીઝ પાસે અમરેલી ખાતે રાખેલ છે.

અમરેલી

સ્વ.નિર્મિત મહેશભાઈ ભટ્ટ તા. ૨૯ને શ્રાવણ વદ એકમ ને શનિવાર ના રોજ થયેલ છે.સ્વર્ગસ્થનું બેસણું તા.૩૧ને સોમવારના રોજ સમય સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને આનંદ નગર ચક્કરગઢ રોડ અમરેલી ખાતે રાખેલ છે. નેહાબેન નિર્મિતભાઈ ભટ્ટ(પત્ની) ,મહેશભાઈ (પિતા),જયશ્રીબેન (માતા), ભરતભાઈ (કાકા), સ્વ .શોભનાબેન(કાકી), દીપકભાઈ (કાકા), દેવિકાબેન (કાકી), તેજલ બેન (બેન), વિપુલભાઈ (બનેવી), પૂર્વી બેન (બેન), મયુરભાઈ (બનેવી), જતનભાઈ (ભાઈ), નિધીબેન (ભાભી), પાર્થભાઈ (ભાઈ), દિશાબેન (ભાભી), ચિરાગભાઈ (ભાઈ), કાજલબેન (ભાભી), તૃપ્તિબેન (બેન), નૈનેશ ભાઈ (બનેવી), સસુર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

રાજુલામાં જન્માષ્ટમીની ઉજવણીને લઈને આયોજન સમિતિની બેઠક યોજાઈ

રાજુલા, તા.૩૦



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં દર વર્ષની પરંપરા મુજબ આગામી જન્માષ્ટમી પર્વની ઉજવણીને લઈને રાજુલા જન્માષ્ટમી ઉત્સવ સમિતિની ખાસ બેઠક આહિર સમાજની વાડી ખાતે યોજાઈ હતી. બેઠકમાં જન્માષ્ટમી નિમિત્તે યોજાનારી શોભાયાત્રા સહિત વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમજ અગાઉના વર્ષના આયોજનની સમીક્ષા કરી આગામી ઉજવણી વધુ ભવ્ય અને શિસ્તબધ્ધ રીતે થાય તે માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.જન્માષ્ટમી પર્વ દરમિયાન વિવિધ સંસ્થાઓ અને ગ્રુપ દ્વારા કરવામાં આવતી કામગીરીને પ્રોત્સાહન આપવા ઈનામ વિતરણનું આયોજન કરાયું હતું. આગેવાનોના હસ્તે વિજેતા તથા શ્રેષ્ઠ કામગીરી કરનાર ગ્રુપને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બેઠકમાં જયંતીભાઈ જાની, જયેશભાઈ શેઠ, પ્રવીણભાઈ બાવળીયા, ભુપતભાઈ ધોળકિયા, અર્જુનભાઈ ગોહિલ સહિત સમિતિના સભ્યો તથા નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવે, મનીષભાઈ વાળા, યુવરાજભાઈ ચાંદુ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

લાઠીમાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા. ૩૦

લાઠીમાં રહેતી એક યુવતી ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી નીકળી હતી. બનાવ અંગે અશોકભાઈ બાબુભાઈ મકવાણા (ઉં.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી કિંજલબેન (ઉં.વ.૧૯) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.







:: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે,અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના ખીજડીયા ખારી ગામના રેવન્યુ સર્વે નંબર ૩૪/૧૬ પૈકી ૩ની જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૪૦-૪૭ વાળી તે ગિરીશભાઈ ધીરૂભાઈ દોંગાની સુવાંગ અને સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં. ૩૪૭થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના ખીજડીયા ખારી ગામના રેવન્યુ સર્વે નંબર ૩૪/ક પૈકી ૪ની જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૫૪-૬૩ વાળી તે વિપુલભાઈ બાલુભાઈ દોંગા ની સુવાંગ અને સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં. ૩૪૬થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮(આઠ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એક્ઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૨૯/૦૮/૨૦૨૬ અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફતઃ

રાકેશકુમાર સી. વઘાસીયા

(એડવોકેટ) મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭

શ્રીજી ઝેરોક્ષ, મામલતદાર ઓફીસ સામે, રાધે મેડીકલની બાજુમાં, બગસરા.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૬૮/૨૦૨૬

અરજદારશ્રીઃ- ઘોહાભાઈ ભોજાભાઈ ગમારા,
રે.આદસંગ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી આદસંગ તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી ભોજાભાઈ જાગાભાઈ ગમારાનુ મરણ તા.૦૭/૧૨/૧૯૬૮ ના રોજ મુ.આદસંગ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજે તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહીં તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.

મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,

સાવરકુંડલા



ગજેરા કેમ્પસ-વિદ્યાસભાનો રાષ્ટ્રીય કક્ષાએ ડંકો

અમરેલી, તા.૩૦



વડોદરા ખાતે તા. ૨૨ અને ૨૩ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી **WKFI** નેશનલ કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૬માં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભા, અમરેલીના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અનેક મેડલ મેળવ્યા હતા. સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. કુમિતે વિભાગમાં આલ ધનશ્રી, ગૌતમ સોલંકી, મેહતા દક્ષરાજ અને ગોંડલિયા દક્ષે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. પરમાર ભૂમિ અને નાઘેરા જીયાએ સિલ્વર, જ્યારે સોલંકી પલ, ડાભી સોહમ, હાડિયા કેવલ, પરમાર રાહિલ, પરમાર અભય, ગામારા હાર્દિક અને બાવળિયા રુદ્રએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. કાતા વિભાગમાં હાડિયા કેવલ, પરમાર રાહિલ અને પરમાર ભૂમિએ ગોલ્ડ તથા આલ ધનશ્રી અને ગોંડલિયા દક્ષે સિલ્વર મેડલ મેળવ્યા હતા. આ સિધ્ધી બદલ વસંતભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, વસંતભાઈ પેથાણી સહિતનાઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

WKFI નેશનલ કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ખેલાડીઓએ અનેક મેડલ જીત્યા

વડિયા-કુંકાવાવ તાલુકામાં એકતા અને સેવાના સંદેશ સાથે વિશાળ બાઈક રેલી યોજાઈ

વડિયા, તા.૩૦

વડિયા-કુંકાવાવ તાલુકા ઉત્કર્ષ સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાલુકાના ૪૫ ગામોને એકતાના સૂત્રમાં બાંધવા તેમજ સમાજ કલ્યાણના ઉમદા હેતુ સાથે વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી રાંદલના દડવા ગામથી સવારે ૮ વાગ્યે પ્રસ્થાન કરી તાલુકાના વિવિધ ગામોમાંથી પસાર થઈ હનુમાન ખીજડીયા પહોંચી હતી.સંગઠનના પ્રતિનિધિ વિનુભાઈએ જણાવ્યું હતું કે તાલુકાના ૪૫ ગામોમાંથી પ્રત્યેક ગામદીઠ બે સભ્યોની પસંદગી કરીને કુલ ૯૪ સભ્યોનું મજબૂત સંગઠન ઉભું કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ તરીકે દ્રષ્ટિહીન અને વ્યવસાયે નિવૃત્ત શિક્ષક પીયૂષભાઈ ગુણા ગામ જંગરના નેતૃત્વ હેઠળ સંગઠન સમાજસેવાના વિવિધ કાર્યો કરી રહ્યું છે.રેલીમાં અંદાજે ૫૦૦થી ૫૨૫ જેટલા બાઈક સવારો જોડાયા હતા. માર્ગમાં આવતા ગામોમાંથી લોકો જોડાતા જતા કુલ ૨૦૦૦થી વધુ લોકોએ આ આયોજનમાં સહભાગીતા નોંધાવી હતી.ચોકી સોરઠ ખાતે આવેલા મકનબાપા ધામમાં તમામ બાઈક સવારો અને શ્રધ્ધાળુઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦૦થી વધુ લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. હનુમાન ખીજડીયા ખાતે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર શહીદ જવાનોના પરિવારો, નિવૃત્ત સૈનિકો તેમજ ક્લાસ-૧ અને ક્લાસ-૨ કક્ષાના અધિકારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આયોજનને સફળ બનાવવા તાલુકા ઉત્કર્ષ સેવા સમિતિના સભ્યો અને ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

લીલીયા મોટાના પીપળવા ગામે કપાસમાં છાંટવાની દવા પી લેતાં પરપ્રાંતીય યુવકનું મોત

લીલીયા, તા. ૩૦

લીલીયા મોટાના પીપળવા ગામે એક યુવકે કપાસમાં છાંટવાની દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના અને હાલ પીપળવા ગામે વાડીએ રહેતા નટુભાઈ સોમાભાઈ બામણીયા (ઉ.વ. ૨૦)એ જાહેર કરેલી વિગતમુજબ,રવિભાઈસોમભાઈ બામણીયા (ઉ.વ.૧૯)ને મોટરસાયકલ લઈને બહાર જવાની ના પાડતાં મનમાં લાગી આવ્યું હતું. આથી તેમણે પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી, જેમનું સારવાર દરમિયાન મરણ થયું હતું.આ બનાવ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ ભટ્ટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બગસરા શિવાગ્રૂપ દ્વારા પ્રદીપદાન ગઢવીને મેઘાણી એવોર્ડ એનાયત કરાયો

બગસરા,તા.૩૦



રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે બગસરા શિવાગ્રૂપ દ્વારા સાહિત્યકાર અને લોકગાયક પ્રદીપદાન ગઢવીને મેઘાણી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. બગસરા નાગરિક મંડળીના અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમનું આયોજન શિવાગ્રૂપના પ્રમુખ નિતેશ ડોડીયાએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત બગસરા રામાયણિક અને મેઘાણી સાહિત્ય વર્તુળના પ્રમુખ ચંદ્રહાસભાઈ બસિયાના પ્રારંભિક પ્રવચનથી થઈ હતી. પ્રસંગોચિત પ્રવચન બગસરા મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડીયાએ કર્યું હતું. કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયા, પ્રદીપ ભાખર, રમેશભાઈ સુવાગિયા સહિત લોકસાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન નિતેશ ડોડીયાએ અને આભારવિધિ ડી.જી. મહેતાએ કરી હતી.

જિલ્લામાંથી સાત મહિલા સહિત ૨૩ લોકો પાસેથી દેશી દારૂ જપ્ત

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત મહિલા સહિત ૨૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. કુલ ૧૪૦ લીટર દેશી દારૂ જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી હતી. લાઠીમાંથી એક મહિલા દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતા મળી આવી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૯ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. હિંડોરણા ચારનાળા પુલ પાસેથી લુણસાપુરનો યુવક કેફી પીણું પીને સર્પાકાર ટુ વ્હીલ ચલાવતા પકડાયો હતો. ખાંભા, અમરેલી, સાવરકુંડલામાંથી એક-એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં ઝડપાયા હતા.

સા.કુંડલામાં ૭૭મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુંડલા સામાજિક વનીકરણ વિભાગ-અમરેલી (રેંજ-સાવરકુંડલા) દ્વારા પર્યાવરણના જતન અને સંવર્ધનના ઉદેશ સાથે ૭૭મા વન મહોત્સવ-૨૦૨૬ની તાલુકા કક્ષાની ઉજવણી કાણકીયા કોલેજ ખાતે કરવામાં આવી હતી. આ વર્ષે 'એક પેડ મા કે નામ ૩.૦'ના હરિત સંકલ્પ સાથે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે વૃક્ષારોપણને માતૃવંદના સાથે જોડીને પર્યાવરણને હરિયાળું બનાવવા સૌને પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં શહેર ભાજપ પરિવાર, વહીવટી તંત્રના અધિકારીઓ, સામાજિક આગેવાનો, પર્યાવરણપ્રેમીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પર્યાવરણ રક્ષાનો સંકલ્પ લીધો હતો. સામાજિક વનીકરણ વિભાગના આરએફઓ મનુભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનો આભાર માન્યો હતો.

લગ્નમાં મોડું થતાં ઝેરી દવા પીનારી યુવતીનું સારવાર દરમિયાન મોત

બાબરા, તા. ૩૦

બાબરાના ભીલા ભીલડી ગામ પાસે બનાવ બન્યો હતો

બાબરાના ભીલા ભીલડી ગામ પાસે લગ્નમાં મોડું થતાં ઝેરી દવા પીનારી યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે અમરેલીમાં રહેતા દિપકભાઈ મગનભાઈ પરમારે (ઉ.વ.૪૪) જાહેર કર્યા મુજબ, તેમણે પોતાના સંબંધી ગૌરીબેન તથા તેમની દીકરી જલ્પાબેનને રૂ. ૨,૦૦,૦૦૦ હાથઉછીના આપ્યા હતા. આ નાણાંની લેતી-દેતી બાકી હતી અને તેઓ રૂપિયા પાછા આપતા ન હતા. આ નાણાં ન મળવાને કારણે મરણજનાર લતાબેન મગનભાઈ પરમાર (ઉ.વ.૩૯)ના લગ્નમાં મોડું થતું હોવાથી તેમને મનોમન લાગી આવ્યું હતું. આથી તેમણે કોઈ ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. વી. એન. જાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

વડિયામાં સહયોગ નાગરિક શરાફી સહકારી મંડળીની નવી શાખાનો પ્રારંભ

વડિયા, તા.૩૦



વડિયા ખાતે સહયોગ નાગરિક શરાફી સહકારી મંડળી લી., કુંકાવાવની નવી શાખાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. નવી શાખાનું ઉદ્ઘાટન કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોરવડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ પ્રદીપભાઈ ભાખર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત મહાનુભાવોએ મંડળીની કામગીરીને બિરદાવી નવી શાખા દ્વારા વડિયા વિસ્તારના લોકો અને ગ્રાહકોને વધુ સારી સહકારી અને નાણાકીય સેવાઓ ઉપલબ્ધ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મંડળીના ચેરમેન કૌશિકભાઈ પાનસૂરિયાને મહાનુભાવો, નવયુવાનો અને સ્નેહી મિત્રોએ શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૩૧-૦૮-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૫૮,
સૂર્યાસ્ત-૦૬:૪૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

દૈનિક રાશિફળ

તા.૩૧-૦૮-૨૦૨૬ સોમવાર

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

લીલીયાના ગુંદરણ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી મહોત્સવની ભક્તિમય ઉજવણી

લીલીયા,તા.૩૦



લીલીયા તાલુકાની ગુંદરણ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી મહોત્સવની ઉત્સાહભેર અને ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા પરિસરમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના સ્ટાફ પરિવાર દ્વારા બાલકૃષ્ણને ૫૬ ભોગનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ''નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયા લાલ કી''ના જયઘોષ સાથે મટકી ફોડી કૃષ્ણમય માહોલ સર્જ્યો હતો. ઉજવણીમાં ગ્રામજનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આરતી, પ્રસાદી, ધૂન-ભજન તેમજ રાસ-ગરબાનો સૌએ આનંદ માણ્યો હતો. શાળા પરિવાર અને ગ્રામજનોના સહયોગથી સમગ્ર પરિસર નંદોત્સવના રંગે રંગાઈ ગયું હતું.

અમરેલી જિલ્લામાં ITI પ્રવેશનો ચોથો રાઉન્ડ તા.૧૦ સુધી શરૂ રહેશે

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લાના તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયાના ચોથા રાઉન્ડનો પ્રારંભ તા.૨૯ ઓગસ્ટથી થશે. ત્રીજા રાઉન્ડ બાદ **GCVT** તથા **NCVT Non-Affiliated** ટ્રેડની ખાલી રહેલી બેઠકો પર તા.૧૦ સપ્ટેમ્બર સુધી 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જે ઉમેદવારોએ અગાઉ ફોર્મ ભરવાનું ચૂકી ગયા હોય અથવા પ્રવેશ મળ્યો ન હોય, તેઓ નજીકની આઈટીઆઈનો રૂબરૂ સંપર્ક કરી શકશે. અમરેલી આઈટીઆઈના આચાર્ય દ્વારા લાયક ઉમેદવારોને આ તકનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. રોજગારીલક્ષી ટેકનિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી યુવાનો પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકશે.

સાવરકુંડલામાં ખાતરવાડી પાસે અમરેલીના ડ્રાઈવરે ગાળો બોલવાની ના પાડતાં માર પડ્યો

સાવરકુંડલા, તા. ૩૦

કારમાં પણ રૂ. ૨૦ હજારનું નુકસાન કર્યું

સાવરકુંડલામાં ખાતરવાડી પાસે અમરેલીના ડ્રાઇવરે ગાળો બોલવાની ના પાડતાં કેટલાક શખ્સોએ તેને ફટકાર્યો હતો તેમજ તેની કારમાં રૂ. ૨૦ હજારનું નુકસાન કર્યું હતું. બનાવ અંગે હર્ષદભાઈ જેન્તીભાઈ વાઘ (ઉ.વ. ૩૫)એ અશોક વેગડા, યોગેશ વેગડા, મયુર મારૂ, કૃણાલ વેગડા, સમીર વાળા તથા ભાવેશ નામના ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ અમરેલીથી ઈકો ગાડી લઈને સાવરકુંડલા આવ્યા હતા અને ખાતરવાડી પાસે ઊભા હતા. તે દરમિયાન આરોપીઓ આવીને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. હર્ષદભાઈએ ગાળો બોલવાની ના પાડતાં આરોપીઓએ તેમના મોઢા પર લાકડીનો ઘા માર્યો હતો. આથી તેઓ પોતાની ઈકો ગાડી લઈને ભાગ્યા હતા, પરંતુ આરોપીઓએ પીછો કરીને તેમને આંતરી લીધા હતા. આરોપીઓએ ઈકો કારમાં ધોકા મારી રૂ. ૨૦,૦૦૦ જેટલું નુકસાન કર્યું હતું અને કાનૂની મર્યાદા બહાર ગાળો આપી ધોકા વડે મૂંઢ માર મારીને ભાગી ગયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

શ્રી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી .અમરેલી

ટૂંકી મુદતની જાહેર નિવિદા

શ્રી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી અમરેલી, ફોન નં-૦૨૭૯૨૨૨૫૧૫૬ની કચેરીએથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જે ટેન્ડર **www.tender.nprocure.com** ઉપર તારીખ-૩૧/૦૮/૨૦૨૬ અને ત્યારબાદથી ઓનલાઈન જોઈ શકાશે. આવેલ ટેન્ડર ભાવ મંજુર/નામંજુર કે ટેન્ડર રદ કરવા અંગેનો અધિકાર વ્ય. કમિટી એ અબાધિત રાખેલ છે

ક્રમ	વિગત	તારીખ
૧	ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ	તા-૭/૦૯/૨૦૨૬ના ૧૬ કલાક સુધીમાં
૨	ભરેલ ટેન્ડરના જરૂરી ડોકયુમેંટ મોકલવાની છેલ્લી તારીખ (આરપીએડી દ્વારા)	તા-૭/૦૯/૨૦૨૬ના ૧૭ કલાક સુધીમાં
૩	સેમ્પલ પહોંચાડવાની છેલ્લી તારીખ	તા-૭/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૧૭ કલાક સુધીમાં
૪	ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ	તા-૯/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૧૭ કલાકે કે ત્યાર બાદ

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે, અન્ય ડોકયુમેન્ટ તથા સુધારા હવે પછી ઓનલાઈન જોઈ લેવાના રહેશે.

પ્રતાપભાઈ બસિયા — ઉપપ્રમુખ
ધીરુભાઈ કોટડીયા — પ્રમુખ

શ્રી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી .અમરેલી

તંત્રી લેખ

અમેરિકાની નજર વેનેઝુએલાના તેલ ભંડાર પર

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વેનેઝુએલા સાથે થયેલા એક ઐતિહાસિક કરારની જાહેરાત કરી છે. આ કરારને વિશ્વના ઈતિહાસનો સૌથી મોટો તેલ કરાર ગણાવવામાં આવી રહ્યો છે. ટ્રમ્પના દાવો અનુસાર, આ સમજૂતી હેઠળ અમેરિકા પોતાની ખાનગી કંપનીઓ સાથે મળીને વેનેઝુએલાના ૬૫ અબજથી વધુ બેરલ તેલ ભંડાર પર નિયંત્રણ મેળવશે અને ત્યાંના ૧૭ મહત્વપૂર્ણ તેલક્ષેત્રોના વિકાસમાં રોકાણ કરશે. આ જાહેરાત બાદ વૈશ્વિક રાજકારણ, ઊર્જા બજાર અને વેનેઝુએલાના ભવિષ્ય અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેલ ભંડારની વિશાળતા અને વાસ્તવિક ઉત્પાદન વચ્ચે મોટો તફાવત હોય છે. કોઈ દેશ પાસે મોટો તેલ ભંડાર હોય તે સારી બાબત છે, પરંતુ તેલ બહાર કાઢવા માટે પૂરતી મૂડી, આધુનિક ટેકનોલોજી, કુશળ માનવબળ, પાઇપલાઈન, બંદરો અને શુધ્ધિકરણ કેન્દ્રોની જરૂરિયાત રહે છે. વેનેઝુએલાના તેલક્ષેત્રો લાંબા સમયથી જાળવણીના અભાવે નબળા પડ્યા હોવાથી ઉત્પાદન પૂર્વવત કરવામાં વર્ષો લાગી શકે છે. તેથી ૬૫ અબજ બેરલનો આંકડો મોટો હોવા છતાં તેનો તાત્કાલિક આર્થિક લાભ મળશે એવું માનવું ઉતાવળિયું ગણાશે. અમેરિકાના દ્રષ્ટિકોણથી આ કરારથી તેનો તેલ પુરવઠો મજબૂત થશે અને સ્થાનિક સ્તરે પેટ્રોલના ભાવ ઘટવાથી સામાન્ય નાગરિકોને રાહત મળશે. આ રોકાણ માટે કરદાતાઓના નાણાંનો ઉપયોગ નહીં થાય પરંતુ ખાનગી ક્ષેત્ર દ્વારા રોકાણ કરવામાં આવશે. બીજી તરફ, લાંબા સમયથી નાણાકીય સંકટ અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો સામનો કરી રહેલા વેનેઝુએલા માટે આ કરાર અર્થવ્યવસ્થાને પુનઃજીવિત કરવાની તક સમાન છે. જોકે, આ આવકનો લાભ માત્ર વિદેશી કંપનીઓ કે સત્તાધારી વર્ગ સુધી સીમિત ન રહેતાં સામાન્ય જનતાના આરોગ્ય, શિક્ષણ અને રોજગાર સુધારણા માટે વપરાય તે જરૂરી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલના ભાવ માત્ર તેલના જથ્થા પર નહીં, પરંતુ વૈશ્વિક માંગ, શુધ્ધિકરણ ખર્ચ, પરિવહન અને વેપાર નીતિઓ પર આધારિત હોય છે. આ ઉપરાંત, તેલ ઉત્ખનનથી જમીન, પાણી અને હવાની ગુણવત્તા પર પડનારી પર્યાવરણીય અસરો પણ ચિંતાનો વિષય છે. વર્તમાન સમયમાં વિશ્વ જ્યારે સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે તેલ ઉદ્યોગમાં રોકાણ સાથે પર્યાવરણ સુરક્ષાનું સંતુલન જાળવવું અનિવાર્ય છે. કોઈ પણ કરારની સફળતા રાજકીય જાહેરાતોને બદલે તેની પારદર્શકતા, નફાની ન્યાયી વહેંચણી અને અમલીકરણ પર આધાર રાખે છે. આ ભાગીદારી ત્યારે જ સાચા અર્થમાં ઐતિહાસિક સાબિત થશે જ્યારે તે ઊર્જા સુરક્ષા સાથે લોકશાહી જવાબદારી અને પર્યાવરણની કાળજી સુનિશ્ચિત કરશે.

“બળજબરીથી ધર્માંતરણની વાતો કરનારાઓ માટે રાષ્ટ્રીય જીવનમાં કોઈ સ્થાન નથી” : શ્રી સુદર્શનજી

ઈ.સ. ૨૦૦૮ ના વિજયાદશમીના ઉત્સવ દરમિયાન બૌધ્ધિક આપતા શ્રી સુદર્શનજીએ કહ્યું હતું કે, ઓડિશામાં કંધમાલ અને કર્ણાટકમાં મેંગલોર અને ઉડુપી લગભગ દોઢ મહિનાથી સમાચારમાં છે. કંધમાલમાં શુક્રવારે રાત્રે જલેસપાટ સ્થિત તેમના આશ્રમમાં ૮૪ વર્ષીય વેદાંત કેસરી પૂ. સ્વામી લક્ષ્મણાનંદજી, બે સન્યાસી, એક સાધ્વી અને એક ભક્તની AK-૪૭થી સજ્જ ચર્ચના ગુંડાઓ દ્વારા ક્રુરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. મેંગલોર અને ઉડુપીમાં કેટલાક કહેવાતા પૂજા સ્થળોને લોકોએ સળગાવી દીધા હતા અથવા આગ લગાવી દીધી હતી. કારણ કે ત્યાં એક ખ્રિસ્તી જૂથ દ્વારા હિન્દુ દેવી દેવતાઓ વિરુધ્ધ નિંદાત્મક સાહિત્ય પ્રકાશિત કરવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાની વાત ચાલી રહી છે. પરંતુ વાસ્તવિકતા જાણવા માટે લાંબી સમજૂતી આપવાને બદલે દિલ્હી સ્થિત કૉંગ્રેસ સેક્યુલર હિન્દુ ફોરમના મહામંત્રી શ્રી કે. રવિકુમાર દ્વારા કૉંગ્રેસના પ્રમુખને અંગ્રેજીમાં લખાયેલા નવ પાનાના લાંબા પત્રમાંથી કેટલાક અવતરણો વાંચું છું : ‘આપણા દેશનો દરેક વ્યક્તિ સારી રીતે જાણે છે કે ખ્રિસ્તી જૂથો દ્વારા કેટલાક દેશોમાંથી મોટી માત્રામાં પ્રાપ્ત થતા વિદેશી નાણાંનો ઉપયોગ ફક્ત હિન્દુઓના ધર્માંતરણ માટે થાય છે. અંગ્રેજોના ગયા પછી ખ્રિસ્તી મિશનરીઓ અમેરિકાના રાજકીય અને નાણાકીય સમર્થનની મદદથી વધુ સક્રિય બન્યા છે. ઓડિશા ધર્મ સ્વતંત્રતા બિલ ૧૯૬૭ સ્પષ્ટપણે લોભ, પ્રલોભન અને બળજબરીથી ધર્માંતરણની વિરુધ્ધમાં છે. દરેક ધર્માંતરણ પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી જરૂરી છે. પરંતુ ૧૯૬૭ થી આજ સુધી ફક્ત થોડા લોકોએ જ ઔપચારિક રીતે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે. કૉંગ્રેસ સેક્યુલર હિન્દુ ફોરમ વર્તમાન પરિસ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે. હવે સમય આવી ગયો છે કે દરેક સાંપ્રદાયિક તણાવ પછી ખ્રિસ્તીઓને ખુશ કરવાનું અને હિન્દુઓ પર દોષારોપણ કરવાનું બંધ કરવામાં આવે. ખ્રિસ્તી મિશનરીઓ અને તેમના એન.જી.ઓ. વિપુલ પ્રમાણમાં વિદેશી ભંડોળ દ્વારા અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોના ભોળપણનો લાભ લઈને ધર્માંતરણ કરી રહ્યા છે. તેમને સમાજની એકતા સાથે કોઈ ફરક પડતો નથી. તેઓ આપણા મહાન રાષ્ટ્રનું વિઘટન ઈચ્છે છે. ઓડિશામાં હિંસા તેમના નાપાક ઈરાદાઓનું પ્રારંભિક બિંદુ છે. ૨૩ ઓગસ્ટની મધ્યરાત્રીએ સ્વામી લક્ષ્મણાનંદ અને તેમના ચાર શિષ્યોની ક્રૂર હત્યા સ્પષ્ટપણે દર્શાવે છે કે તે એક સુનિયોજિત અને પ્રશિક્ષિત આતંકવાદી કૃત્ય હતું. ઓડિશા અને દેશના અન્ય ભાગોમાં રહેતા હિન્દુઓ માને છે કે આ હત્યા પાછળનું વાસ્તવિક કારણ ખ્રિસ્તી આતંકવાદમાં વધારો છે.‘

આજે એ જરૂરી બની ગયું છે કે હિન્દુ



સમાજે પોતાની સાથે થયેલા અન્યાયનો વિરોધ એ જ સંગઠિત રીતે કરવો જોઈએ, જે રીતે અમરનાથ યાત્રા સમિતિના નેજા હેઠળ જમ્મુના લોકોએ કર્યો હતો. જાતિ, સંપ્રદાય, પેટા-સંપ્રદાય, ભાષા, બોલી વગેરેના તમામ ભેદભાવોથી ઉપર ઊઠીને કરવામાં આવેલા સંઘર્ષે એક નવો ઈતિહાસ રચ્યો છે. રાજકીય નેતાઓ વોટબેંક પાછળ દોડે છે. જ્યાં સુધી તેઓ માને છે કે હિન્દુ સમાજ વિભાજિત રહેશે ત્યાં સુધી તેઓ મુસ્લિમ વોટબેન્ક અને ખ્રિસ્તી વોટબેંકનો પીછો કરતા રહેશે અને હિન્દુ સમાજની લાગણીઓ અને તેમની સાથે થઈ રહેલા અન્યાય, ભેદભાવ વગેરેની ચિંતા કરશે નહીં. પણ જમ્મુએ તે બદલી નાખ્યું છે. જો આપણે ફક્ત ૧૮, ૧૯, ૨૦ ઓગસ્ટના જેલ ભરો આંદોલનને ધ્યાનમાં લઈએ તો તેની અજાયબી ધ્યાન પર આવશે. જમ્મુ ક્ષેત્રની વસ્તી ૫૬ લાખ છે. જેમાંથી ૧૬ લાખ મુસ્લિમ છે. બાકી રહેલી હિન્દુ વસ્તીમાંથી ૧૮ ઓગસ્ટના રોજ ૨,૨૧,૦૦૦ લોકોએ સ્વૈચ્છિક સેવા આપી અને જેલમાં દાખલ થયા. ૧૯ મી તારીખે ૧,૭૪,૦૦૦ માતાઓએ પોતાનું ઘર છોડીને જેલમાં ધકેલી દેવામાં આવી. તેને પૂછવામાં આવ્યું કે, તેનું નામ શું છે ? તો જવાબ હતો ‘પાર્વતી’, પતિનું નામ ? ‘શિવ‘ ક્યાંના છો ? ‘બાલતાલ,કાશ્મીર’. દુનિયાના ઈતિહાસમાં ભાગ્યે જ આટલી મોટી માતૃશક્તિ જેલ ભરવા માટે આગળ આવી હશે. ત્રીજો દિવસ બાળકો માટે હતો. જેલ ભરવા માટે ૫ થી ૧૫ વર્ષની વયના ૧,૧૨,૦૦૦ છોકરાઓ આવ્યા. શું કોઈ માતા કે દાદીના મનમાં એવું નહોતું આવ્યું કે આટલું નાનું બાળક જઈ રહ્યું છે, જો ભાગદોડ થાય તો તેનું શું થશે? કોઈ પણ બાળકના મનમાં એ નહોતું આવ્યું કે તેનું ભવિષ્ય શું હશે ? જ્યારે હું જેલ પહોંચ્યો ત્યારે મને પૂછવામાં આવ્યું ‘તમારું નામ શું છે ?’ જવાબ હતો ‘ગણપતિ’, ‘માતાનું નામ ?’, ‘પાર્વતી’, ‘પિતાનું નામ?’, ‘શિવ’, ‘ક્યાંથી ?’, ‘બાલતાલ, કાશ્મીર’. આ એક અનોખો ઈતિહાસ રચનાર આંદોલન હતું.

હિન્દુ સમાજ વિશે જે ખ્યાલ રચાયો છે તે એ છે કે તે ક્યારેય એક થઈ શકતો નથી અને હંમેશા માર ખાય છે. જાગૃત હિન્દુ સમાજે આ ખ્યાલને દૂર કરવો જોઈએ. આપણે કોઈને મારવા નથી જતા પણ જો કોઈ આપણને મારવા આવે તો આપણે સ્વ બચાવમાં પાછળ નથી રહેતા. પ્રતિકાર હેવો જ જોઈએ. હુમલાખોરોએ શીખવું જોઈએ કે તેમના પર હુમલો કરવાથી તેમને ખૂબ મોંઘુ પડશે.

આજે દેશ બદલાઈ રહ્યો છે. સદીઓ જૂની ઊંઘ તોડીને હિન્દુ સમાજ જાગૃત થઈ રહ્યો છે. જ્યારે આપણે હિન્દુની વાત કરીએ છીએ ત્યારે હિન્દુની વ્યાખ્યામાં તે બધા લોકોનો સમાવેશ થાય છે. જે ભારત માતાને પોતાની માતા માને છે. આ દેશના બધા મહાપુરુષોને પોતાના પૂર્વજો માને છે અને આ દેશની સંસ્કૃતિનો મૂળ સિધ્ધાંત ‘એકં સત વિપ્રાઃ બહુધા વદંતિ’ છે. એટલે કે ‘સત્ય એક છે’. લોકો તેને જુદા જુદા નામોથી જાણે છે અને માને છે કે તે અંતિમ સત્ય સુધી પહોંચવાના ઘણા રસ્તાઓ છે અને તે બધા સાચા છે. જે લોકો કહે છે કે ફક્ત આપણે જ સાચા છીએ અને બાકીના બધા ખોટા છે તેમને હિન્દુ ગણી શકાય નહીં. બળજબરીથી ધર્માંતરણની વાતો કરનારાઓ માટે રાષ્ટ્રીય જીવનમાં કોઈ સ્થાન નથી. જો આપણે બધા સાથે ચાલીએ, આપણા પોતાના માર્ગો પર ચાલીએ, એકબીજાને સહકાર આપતા રહીએ તો એ દિવસ દૂર નથી જ્યારે આપણે આપણા રાષ્ટ્રનો ધ્વજ વિશ્વમાં સર્વોચ્ચ સ્તરે ફરકાવીશું. આ રીતે સુદર્શનજીએ પોતાના બૌધ્ધિકમાં સ્વતંત્ર અને સ્વાયત્ત વિચારો રજૂ કર્યા હતા.

માનનીય સુદર્શનજીએ પોતાના વિચારો અને ચિંતનના આધારે સમય અનુસાર હિન્દુ ધર્મ રજૂ કર્યો. તેમણે સ્વદેશી ગાય આધારિત કૃષિ વ્યવસ્થા, સમરસતા વગેરે વિષયો પર મૂળભૂત માર્ગદર્શન આપ્યું. ૨૧ માર્ચ ૨૦૦૯ ના રોજ પ્રતિનિધિ સભાની બેઠકમાં સુદર્શનજી દ્વારા શ્રી મોહનજી ભાગવતને સરસંઘચાલકની જવાબદારી સોંપવામાં આવી અને તેઓ ફરીથી એક સામાન્ય સ્વયંસેવક તરીકે કામમાં ડૂબી ગયા.

વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

વધતી જતી મોંઘવારી કરતાંય ઘટતી જતી માનવતાનો પ્રશ્ન વધુ ગંભીર છે!

મોંઘવારી વધે ત્યારે આપણે સૌ ચિંતિત થઈ જઈએ છીએ. શાકભાજીના ભાવ વધ્યા હોય, પેટ્રોલ-ડીઝલ મોંઘું થયું હોય, દૂધના ભાવમાં વધારો થયો હોય કે ઘરનું બજેટ ખોરવાઈ ગયું હોય;તુરંત ચર્ચા શરૂ થઈ જાય છે. “આ મોંઘવારી ક્યાં જઈને અટકશે?” એવો પ્રશ્ન દરેકના મનમાં ઊભો થાય છે.પરંતુ ક્યારેક એવો પ્રશ્ન પણ મનમાં થવો જોઈએ કે મોંઘવારી કરતાં પણ વધુ ઝડપથી આપણા જીવનમાંથી માનવતા તો ઘટી રહી નથી ને?



મોંઘવારી ખિસ્સાને અસર કરે છે, જ્યારે માનવતાનો અભાવ આખા સમાજના હૃદયને અસર કરે છે. મોંઘવારીથી જીવન થોડું મુશ્કેલ બને છે, પરંતુ માનવતા ઘટી જાય તો જીવનમાંથી લાગણી, સંવેદના, સહકાર અને વિશ્વાસ જ ખતમ થવા લાગે છે.

આથી જ આજના સમયમાં વિચારવા જેવી વાત છે કે મોંઘવારી બજારમાં જોવા મળે છે,માનવતાની મોંઘવારી માણસના વર્તનમાં જોવા મળે છે.અને કદાચ આજના સમયની સૌથી મોટી સમસ્યા એ છે કે મોંઘવારી વધે છે તેની આપણને ચિંતા છે, પરંતુ માનવતા ઘટે છે તેની ચિંતા નથી.

માનવતા બતાવવા માટે કરોડપતિ હોવા જરૂર નથી માનવતા માટે મોટી સંપત્તિની કરતા વધુ સહાનુભૂતિ જરૂરી છે.રસ્તા પર તરસ્યા માણસને પાણી આપવું પણ માનવતા છે.બસમાં વડીલ,બાળક કે મહિલાને બેઠક આપવી પણ માનવતા છે. અજાણ્યા માણસને રસ્તો બતાવવો પણ માનવતા છે.ગરીબ બાળકને પુસ્તક આપવું પણ માનવતા છે.કોઈની ભૂલને માફ કરી દેવી પણ માનવતા છે. કોઈ દુઃખી વ્યક્તિની વાત શાંતિથી સાંભળવી પણ માનવતા છે.અને કોઈની મજબૂરીનો લાભ ન લેવો એ તો સૌથી મોટી માનવતા છે.આ માટે માત્ર બેંક બેલેન્સ જ નહીં પણ વિશાલ હૃદય હોવું જોઈએ.

માણસાઈના વ્યવહારમાં ક્યારેક નાની મદદ પણ કોઈના જીવનમાં મોટી આશા બની જાય છે. આપણે બાળકોને શું શીખવી રહ્યા છીએ? “સારા માર્ક્સ લાવો.”“મોટી નોકરી મેળવો.” “સફળ બનો.” “પૈસા કમાવો.” આ બધું જરૂરી છે.પરંતુ એમાં એક સૌથી મહત્વની વાત ઉમેરવાની જરૂર છે કે “સારા માણસ બનો.”

જો બાળક મોટો થઈને ડૉક્ટર બને અને દર્દીની મજબૂરીનો લાભ લે તો? જો બાળક અધિકારી બને અને ગરીબ માણસને કલાકો સુધી બેસાડે તો? જો બાળક કરોડપતિ બને પણ પોતાના વૃધ્ધ માતા-પિતાને સમય ન આપે તો? તો તેની સફળતા અધૂરી નથી? આથી બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર પણ જોઈએ.ડિગ્રી માણસને શિક્ષિત બનાવે છે,પરંતુ સંસ્કાર તેને માનવી બનાવે છે.સોશિયલ મીડિયા પર હજારો “લાઈક”, જીવનમાં એક પણ “સાથે” નહી

પૈસાથી સમૃધ્ધ થવું સારી બાબત છે



મનન ચિંતન
ભરત બાવીશી

પરંતુ દિલથી સમૃધ્ધ થવું વધુ સારી બાબત છે. માનવતાની શરૂઆત પોતાનાથી થવી જોઈએ, સમાજ બદલવાની વાત આપણે ઘણી કરીએ છીએ. પરંતુ સમાજ એટલે કોણ? આપણે જ! આથી માનવતા માટે શરૂઆત પણ આપણાથી જ થવી જોઈએ.

અંતે એક પ્રશ્ન...

મોંઘવારી સામે સરકાર પગલાં લઈ શકે છે. બજારના ભાવ નિયંત્રિત કરવાનો પ્રયાસ થઈ શકે છે. આવક વધારવાના કેક યોજના અમલમાં મૂકી શકાય છે.પરંતુ માનવતા ઘટી જાય ત્યારે તેને પાછી લાવવા માટે કયો કાયદો બનાવવો? કઈ યોજના શરૂ કરવી? કયુ બજેટ ફાળવવુ? માનવતા બજારમાં વેચાતી વસ્તુ નથી.તે તો આપણા વર્તનમાં જીવાતી દેખાતી હોય છે. આપણે કોઈને એક સ્મિત આપીએ છીએ ત્યારે તે મુંજાયેલા માણસને દેખાતી છે. કોઈના આંસુ લૂછીએ ત્યારે એ લાચાર વ્યક્તિને દેખાતી છે. કોઈને માફ કરીએ ત્યારે ભૂલ કરનારને દેખાતી હોય છે. કોઈ માણસને મદદ કરીએ ત્યારે એ જરૂરિયાતમંદ ને દેખાતી હોય છે. અને કોઈના દુઃખમાં તેની સાથે નિઃશબ્દ ઊભા રહીએ ત્યારે તો તે દુઃખી વ્યક્તિના દિલમાં દવાની જેમ દેખાતી હોય છે.

આથી મોંઘવારીથી ડરવું જરૂરી છે, પરંતુ માનવતાની ઘટતી જતી મોંઘવારીથી ડરવું પણ જરૂરી છે. ચાલો, આજે એક નાનકડો સંકલ્પ કરીએ કે કોઈના જીવનમાં સમસ્યા નહીં, સમાધાન બનીશું. કોઈના દુઃખમાં તમાશબીન નહીં, સહભાગી બનીશું. કોઈની મજબૂરીમાં વેપાર નહીં, સહારો બનીશું.

અને સૌથી મહત્વનું માણસાઈને શબ્દોમાં નહીં, વ્યવહારમાં જીવંત રાખીશું. કારણ કે આવતી પેઢીને આપણે માત્ર મોટા મકાનો, મોંઘી કારો અને ભરપૂર બેંક બેલેન્સનો વારસો આપીએ એ પૂરતું નથી. તેમને એક એવો સમાજ પણ આપવો પડશે, જ્યાં માણસ મુશ્કેલીમાં મુકાય ત્યારે તેને પૂછનાર કોઈ હોય કે “શું થયું?” અને જવાબ મળે: “ચિંતા ન કરશો... હું તમારી સાથે છું.”

અને વધતી જતી મોંઘવારીને પણ કાબુમાં લાવી શકે એવી દુનિયાની એક જ એવી સૌથી મોટી સંપત્તિ છે જેનું નામ છે:

માનવતા!

આપણે જીવનધોરણ ઊંચું કર્યું છે, પરંતુ શું જીવનનું ધોરણ પણ ઊંચું કર્યું છે?

પદ મોટું હોય કે નાનું, માણસની ઓળખ તેની માનવતાથી થાય છે.

પ્રાકૃતિક ખેતી : ધરતી માતાને ફરી જીવંત કરવાની જરૂરિયાત

આપણા ગામડામાં એક વાત બહુ જાણીતી છે કે “ધરતી માતા કદી કોઈને ભૂખ્યો સુવડાવતી નથી.” ખેડૂત માટે ધરતી માત્ર જમીનનો ટુકડો નથી, પરંતુ એ એની માતા છે. આ જ ધરતી માં ખેડૂત પોતાના પરસેવાનું સિંચન કરે છે, બીયારણ વાવે છે, આશા વાવે છે અને આખા સમાજ માટે અનાજ પેદા કરે છે. એટલે ખેડૂતની સાચી સંપત્તિ એની જમીન છે. પરંતુ આજે સમય આપણને એક સવાલ પૂછે છે કે જે ધરતી માતા વર્ષોથી આપણને ખવડાવે છે, એની આપણે કેટલી કાળજી રાખી છે?

આપણા બાપદાદાના જમાનામાં ખેતી કુદરત સાથે ચાલતી હતી. ખેતરમાં પશુનું છાણ-મૂત્ર કામ આવતું, પાકના અવશેષો ખેતરમાં પાછા જતા, પાકની ફેરબદલી થતી અને જમીનને પણ આરામ આપવામાં આવતો. ખેતીનો અર્થ માત્ર પાક લેવાનો ન હતો, પરંતુ જમીનને જીવતી રાખવાનો પણ હતો સમય બદલાયો, ખેતીની પધ્ધતિઓ બદલાઈ અને ઉત્પાદન વધારવાની દોડમાં રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ વધતો ગયો.

રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો યોગ્ય અને ભલામણ મુજબનો ઉપયોગ આધુનિક ખેતીમાં ચોક્કસ ઉપયોગી છે, પરંતુ જરૂર કરતાં વધારે અને અયોગ્ય ઉપયોગ ચિંતાનો વિષય છે. “વધારે ખાતર નાખીએ તો વધારે પાક થશે” અને “દવા વધારે નાખીએ તો જીવાત જલદી મરી જશે” એવી માનસિકતા ધીમે ધીમે ખેતી માટે નુકસાનકારક બની શકે છે. ઘણી જગ્યાએ જમીનની કુદરતી તંદુરસ્તી ઘટી રહી છે, સજીવ પદાર્થનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે અને જમીનમાં રહેલા ઉપયોગી સૂક્ષ્મજીવો તથા અળસિયાની સંખ્યા ઉપર પણ અસર જોવા મળી શકે છે.

એક સમય એવો હતો કે ખેડૂત હાથમાં માટી લઈને એની તાસીર ઓળખી લેતો. આજે ક્યાંક એવી સ્થિતિ ઊભી થઈ છે કે જમીનને જીવંત રાખવા માટે પણ બહારથી વધુને વધુ વસ્તુઓ ખરીદવી પડે છે. ખાતરનો ખર્ચ વધે છે, દવાનો ખર્ચ વધે છે, પાણીનો ખર્ચ વધે છે અને મજૂરીનો ખર્ચ વધે છે. પાકનો ભાવ બજાર નક્કી કરે છે અને ખર્ચનો બોજ ખેડૂતના માથે આવે છે. એટલે ખેતીનું ગણિત દિવસે દિવસે કઠિન બનતું જાય છે.



વાત માત્ર જમીનની નથી. ખેતરમાં જે પાકે છે એ આપણા ઘરના રસોડામાં આવે છે. જંતુનાશક દવાઓનો અયોગ્ય ઉપયોગ ખેડૂત અને ખેતમજૂરો માટે આરોગ્યના જોખમો ઊભા કરી શકે છે અને ખાદ્યપદાર્થોમાં દવાના અવશેષો રહેવાની શક્યતા પણ યોગ્ય ઉપયોગની જરૂરિયાતને સમજાવે છે. તેથી દવાનો ઉપયોગ કરવો પડે ત્યારે લેબલ મુજબની માત્રા, યોગ્ય સુરક્ષા સાધનો અને પાક કાપણી પહેલાંના જરૂરી સમયગાળાનું પાલન કરવું ખૂબ જરૂરી છે. આપણું લક્ષ્ય એવું હોવું જોઈએ કે ખેડૂત પણ સુરક્ષિત રહે, જમીન પણ તંદુરસ્ત રહે અને ગ્રાહકને પણ ગુણવત્તાયુક્ત ખોરાક મળે.



આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતીની વાત માત્ર એક ખેતી પધ્ધતિ તરીકે નહીં, પરંતુ વિચારધારા તરીકે સમજવાની જરૂર છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ જમીનનું સ્વાસ્થ્ય, પાણીનું સંરક્ષણ, ટકાઉ ખેતી અને ખેડૂતોની આવક વધારવા જેવા વિષયો પર સતત ભાર મૂકે છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી વર્ષોથી પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરી રહ્યા છે. ગુજરાત સરકાર દ્વારા પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા વિવિધ કાર્યક્રમો અને પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રયાસોને સફળ બનાવવામાં સરકાર જેટલી મહત્વની છે, એટલો જ મહત્વનો ખેડૂતનો પોતાનો સંકલ્પ છે.

પ્રાકૃતિક ખેતીનો અર્થ એવો નથી કે આજે દવા અને ખાતર બંધ કરી દઈએ અને કાલથી બધું બદલાઈ જાય. દરેક જમીન, દરેક પાક અને દરેક ખેડૂતની પરિસ્થિતિ અલગ હોય છે. એટલે સમજપૂર્વક અને તબક્કાવાર આગળ વધવાની જરૂર છે. જમીનનું પરીક્ષણ કરાવવું, પાક વૈવિધ્ય અપનાવવું, સજીવ પદાર્થ વધારવો, પાકના અવશેષોનો યોગ્ય ઉપયોગ કરવો, મલ્ચિંગ કરવું, પાણીની બચત કરવી અને ખેતરમાં ઉપલબ્ધ સ્થાનિક સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરવો આવી પધ્ધતિઓને પોતાની પરિસ્થિતિ પ્રમાણે અપનાવી શકાય છે.

પ્રાકૃતિક ખેતીનો સૌથી મોટો લાભ એ છે કે આપણે ખેતીને ફરી કુદરત સાથે જોડવાનો પ્રયાસ કરીએ છીએ. જમીનમાં સજીવ પદાર્થ વધે, પાણી પકડી રાખવાની ક્ષમતા સુધરે અને ખેતરમાં જૈવિક વૈવિધ્ય વધે તો લાંબા ગાળે જમીનને તંદુરસ્ત રાખવામાં મદદ મળી શકે છે. સાથે સાથે જો ખેડૂત પોતાની પેદાશનું ગ્રેડિંગ, પેકિંગ, પ્રોસેસિંગ અને સીધું માર્કેટિંગ કરે તો ઉત્પાદનમાંથી વધુ મૂલ્ય મેળવવાની નવી તકો પણ ઊભી થઈ શકે છે.

આપણે આપણા દીકરા-દીકરીને પૈસા અને મિલકત આપવાની ચિંતા કરીએ છીએ, પરંતુ આવતી પેઢીને તંદુરસ્ત જમીન આપવાની ચિંતા પણ એટલી જ જરૂરી છે. જે જમીન આપણા બાપદાદાએ આપણને સોંપી હતી, એ જમીન વધુ સારી બનાવીને આગળની પેઢીને આપવી એ આપણી જવાબદારી છે.

આથી આજે જરૂર છે કોઈ મોટા નારા કરતાં એક નાના નિર્ણયની. આખું ખેતર એકસાથે બદલવાની જરૂર નથી. એક વીઘામાં પ્રયોગ કરીએ, પરિણામ જોઈએ, અનુભવ લઈએ અને સફળતા મળે તો ધીમે ધીમે વિસ્તાર વધારીએ. ખેડૂત ખેડૂત પાસેથી શીખે અને ગામનું એક ખેતર બીજા ખેતર માટે પ્રેરણા બને તો પરિવર્તન ચોક્કસ આવી શકે.

છેવટે વાત એટલી જ છે કે જમીન માત્ર આજે પાક લેવા માટે નથી; આવતીકાલની ખેતી માટે પણ છે. ધરતી માતા આપણને પેઢીઓથી આપતી આવી છે, હવે એને કંઈક પાછું આપવાનો સમય છે.ખેતીને આવક કરતી કરવી હશે તો પ્રાકૃતિક ખેતી તરફ ધીમે ધીમે આગળ વધવું પડશે અને પશુપાલન અપનાવી પશુપાલન વ્યવસાય ને મુખ્ય વ્યવસાય તરીકે લેવો પડશે.

જમીન બચાવવી છે તો એને જીવંત રાખવી પડશે, ખેતી બચાવવી છે તો ખેડૂતનો ખર્ચ અને જમીનની તંદુરસ્તી બંને બચાવવા પડશે અને આવતી પેઢી બચાવવી છે તો આજે જ કુદરત સાથેની ખેતી તરફ એક સમજદાર પગલું ભરવું પડશે. ધરતી માતાને થકવવી નથી, એને ફરી જીવંત કરવી છે. પોતાના પરિવાર ની જરૂર મુજબ વાવેતર કરી ને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું છે.

:: તિખારો ::

ખોટી ભીડનો હિસ્સો બનીને ઘેટાંની લાઇનમાં ચાલી તમારૂ જમીર, આત્માને મારીને કંઈક મેળવી લેવાની ઇચ્છાથી ક્ષણિક વધારાનું મળી જ જાય છે,પણ ટકતું નથી માટે આત્મ વિશ્વાસ સાથે સફળ થવા એકલા ચાલવું પડે તો ચાલવુ, કંઇક મળે કે ના મળે પણ કોઈ આંગળી નહી ચિંધે કે ખોટો છે કે દગાખોર છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

અઠવાડિક ખેતિ કાર્યો

મગફળી :

● મગફળીમાં કેલ્શિયમની ઉણપનાં કારણે પણ ડોડવા કાળા પડતા હોય છે તેના માટે બજારમાં મળતા કેલ્શિયમ, બોરોન અને ઝીન્કનું મિશ્રણ મળે છે. પંપમાં ૨૦ મિલી નાખી છંટકાવ ૪૫ થી ૬૦ દિવસ વચ્ચે કરવો.

● ફૂગ માટે મેટાલેક્ઝીલ+મેન્કોઝેબ અથવા કોપરઓકઝીક્લોરાઈડ + મેટાલેક્ઝીલ નું ડ્રેન્સિંગ કરવું.

સોયાબીનમાં આવતી મુખ્ય જીવાતઃ હાલ ઝરમર વરસાદથી લશ્કરી ઈયળ/ સેમીલુપર આવવાની શક્યતા છે તેના નિયંત્રણ માટે

● પ્રકાશ પિંજર નો ઉપયોગ કરવો.

● મોઝણી માટે ફેરોમન ટ્રેપ ૬ પ્રતિ હેક્ટર ગોઠવવા.

કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મી.લી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મી.લી. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૫ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

ફૂગ : હાલના વાતાવરણમાં ફૂગ આવવાની શક્યતા છે તેમાટે વિવિધ પ્રકારની ફૂગ જેવી કે બ્યુવેરીયા બાઝિયાના,મેટારીઝીયમ એનીસોપ્લી, વર્ટીસીલીયમ લેકાની અને નોમુરીયા રિલે જીવાત નિયંત્રણ માટે અસરકારક માલૂમ પડેલ છે. આવી એન્ટોમોપેથોજેનીક ફૂગ કીટકના સંપર્કમાં આવતા તેના પર પરજીવીકરણ કરી તેમાં રોગ ઉત્પન્ન કરે છે. કીટકના શરીરની બહારની ત્વચા ભેદી ફૂગની કવકજાળ કીટકની દેહગુહામાં દાખલ થાય છે. તે ઉપરાંત આવી ફૂગ કેટલાક ખાસ પ્રકારના ઝેરી પદાર્થ પણ ઉત્પન્ન કરે છે. તેથી કીટક મૃત્યુ પામે છે. ફૂગની અસરકારક વૃધ્ધિ માટે નીચુ તાપમાન તથા ભેજવાળું વાતાવરણ જરૂરી છે. આ ફૂગની અસરકારકતા પાન ઉપર નુકસાન કરતાં જમીનની અંદર રહેતા કીટકની ઉપર વધુ જોવા મળે છે. બ્યુવેરીયા તથા મેટારીઝીયમ ફૂગ બહુભોજી કીટનાશક હોવાથી ૧૦૦ થી વધુ પ્રકારના કીટકોના નિયંત્રણ ઉપયોગી જોવા મળેલ છે. મગફળીના પાકમાં ઘૈણના નિયંત્રણ માટે મેટારીઝીયમએનીસોપ્લીના પરીણામો આશાસ્પદ જણાયેલ છે.

ડુંગળી : કાંદાની ડુંગળીના પાકમાં મોગરાનું પ્રમાણ જોવા મળે એટલે કે તૂરતજ મોગરા ભાંગી નાખવા. મોગરાને કારણે કાંદાની ગુણવતતા નબળી પડતી હોવાથી અવાર નવાર નિયમિત મોગરા ભાંગતા રહેવું.

પાક સંરક્ષણ : રોગ : જાંબલી **ધાબાનો રોગ (પરપલબ્લોચ):-** આ રોગમાં પાન ઉપર જાંબલી રંગના ધાબા જોવા મળે છે અને આવા ધાબાની આજુબાજુનો ભાગ સફેદ થઈ જાય છે. અને પાન સુકાઈ જાય છે. આ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ વે.પા. અથવા કલોરોથેલોનીલ ૭૫ વે.પા. ૧૦ લીટર પાણીમાં ૨૭ ગ્રામ અથવા કાર્બેન્ડામઝીમ ૫૦ વે.પા. ૧૦ લીટર પાણીમાં ૧૦ ગ્રામ દવા ભેળવી વારાફરતી ૨ થી ૩ છંટકાવ ૧૦-૧૦ દિવસના અંતરે કરવા.

જીવાત : શ્રીપ્સણ :- પુખ્તા કિટક પાનમાંથી રસ ચૂસી ધસરકા પાડે છે રસ ચૂસેલો ભાગ સફેદ થઈ કોકડાઈ સુકાઈ જાય છે આ જીવાતના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૪૦ ટકા + સાયપરમેથ્રીન ૪ ટકા ૧૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમા અથવા ફીપ્રોનીલ ૫ ઈ.સી. અથવા કાર્બોસલ્ફા+ન ૨૫ ઈ.સી. ૨૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમા ભેળવી વારાફરતી ૮ થી ૧૦ દિવસના અંતરે છંટકાવ કરવા.

મરચી : મરચીનો કાળા ઘઠ્ઠાનો રોગઃ છોડની કળી ઉપર બદામી રંગના ટપકાં જોવા મળે છે. રોગના ચિન્હો આગળ જતાં મરચી ઉપર બાક આકારના ડાઘ પડે છે. આ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૦.૨ ટકા (૨૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં) અથવા ક્લોરોથેલોનીલ (કવચ) ૦.૨ ટકા (૨૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં) નો છંટકાવ કરવાથી નિયંત્રણ મેળવી શકાય છે.

નાળીયેરી : બીજની પસંદગી : પસંદ કરેલ માતૃઝાડમાંથી પરિપકવ (૧૧ થી ૧૨ માસના) નાળિયેરને ઉતારી તેમાંથી મોટા કદના ગોળાકારથી લંબગોળ કદના, રોગજીવાત મુકત નાળિયેરને પસંદ કરી છાયામાં એક થી દોઢ માસ આરામ આપવો.

રોપ ઉછેર : નાળિયેર બીજમાં પ્રમાણસર પાણી હોય તેવા નાળિયેર બીજને નર્સરીની અંદર ૩૦ સે.મી. × ૩૦ સે.મી. ના અંતરે બીજનું મુખ જમીન ઉપર ખૂલ્લું રહે તે રીતે ઉભા વાવવા. ત્યારબાદ નિયમિત જરૂર મુજબ પાણી આપતા રહેવું. વાવેતર બાદ પાંચ માસે ૧૮૦ કિલો નાઈટ્રોજન (૯૦ કિલો યુરિયાના રૂપમાં તથા ૯૦ કિલો એરંડીના ખોળના રૂપમાં) પ્રતિ હેકટરે આપવાથી રોપની વૃધ્ધિ સારી જોવા મળેલ છે. નર્સરીમાં જરૂર મુજબ નીંદામણ તેમજ પાકસંરક્ષણના પગલાં લેવા.

વિષાણું (વાયરસ) : કીટકોમાં ન્યુકલીયર પોલીહેડ્રોસીસ વાયરસ (એનપીવી), સાઈટોપ્લાઝમીક પોલીહેડ્રોસીસ વાયરસ (સીપીવી) અને ગ્રેન્યુલોસીસ વાયરસ(જીવી)થી રોગ થાય છે. તે બધા પૈકી જીવાત નિયંત્રણ માટે એનપીવીનો ઉપયોગ સવિશેષ થાય છે. ઈયળો જયારે એનપીવી યુકત ખોરાક ખાય છે ત્યારે વિષાણુ તંદુરસ્ત ઈયળના પાચનતંત્રમાં પ્રવેશે છે. જયાંથી તે રૂધિરાભિસરણ તંત્રમાં જઈને રૂધિરમાં વૃધ્ધિ પામે છે અને ઈયળના શરીરમાં રહેલા તંદુરસ્ત કોષોનો નાશ કરે છે. રોગિષ્ટ ઈયળો પેટના ભાગે ગુલાબી રંગની થઈ છોડની ટોચની ડાળી ઉપર જઈ ઉંધી લટકે છે અને ત્યાં જ લટકતી અવસ્થામાં મૃત્યુ પામે છે. આવી મૃત ઈયળોને અડકતાની સાથે જ તેની ચામડી ફાટી જાય છે અને તેના શરીરમાંથી વિષાણુ યુકત દુર્ગંધ મારતું પ્રવાહી બહાર નીકળી આવે છે. આ પ્રવાહી બીજી તંદુરસ્ત ઈયળોના ખાવામાં આવે તો તે પણ રોગિષ્ટ બની મૃત્યુ પામે છે. આવા વિષાણુઓ દરેક કીટક માટે વિશિષ્ટ પ્રકારનાં હોય છે. હાલમાં લીલી ઈયળ અને લશ્કરી ઈયળના નિયંત્રણ માટે ખાસ વિકસાવેલ એનપીવી બજારમાં ઉપલબ્ધ છે. તે બાયોવાયરસ,વાયરીન, હેલીસાઈડ, બાયોકીલ, સ્પોડોસાઈડવગેરે નામે મળે છે. કપાસ,તુવેર, ચણા અને ટામેટાના પાકમાં નુકસાન કરતી લીલી ઈયળ અને તમાકુ,દિવેલા,કોબીજ અને કોલી ફલાવરના પાકમાં નુકસાન કરતી પાન કાપી ખાનારી ઈયળ (સ્પોડોપ્ટેરા) માટે વિકસાવેલ એનપીવીનો ઉપયોગ કરવાની ભલામણ થયેલ છે. મગફળીના પાકમાં લીલી ઈયળના નિયંત્રણ માટે પ્રતિ હેકટરે ૨૫૦ ઈયળ આંક (એલ.ઈ.) વિષાણુ જન્ય (વાયરસ-એન.પી.વી.) (દ્રાવણના ચાર છંટકાવ) પ્રથમ છંટકાવ લીલી ઈયળના ઉપદ્રવની શરૂઆત થયે અને ત્યારબાદ દર પાંચ દિવસના અંતરે ત્રણ છંટકાવની ભલામણ છે. શેરડીની ગાભમારની ઈયળ અને દિવેલાની ઘોડીયા ઈયળ માટે ગ્રેન્યુલોસીસ વાયરસની ઓળખ થવા પામેલ છે. સૂર્યપ્રકાશમાં રહેલ પારજાંબલી કિરણોથી વિષાણુ નાશ પામતા હોવાથી તેનો છંટકાવ ઢળતી સાંજે કરવો હિતાવહ છે.







વિવિધ રસાયણિક ખાતરો અને તેમાં રહેલાં પોષક તત્વોનું પ્રમાણ

નાઈટ્રોજનયુક્ત ખાતરો (નાઈટ્રોજન ટકામાં)	
એમોનિયમ સલ્ફેટ	૨૦.૬
એમોનિયમ નાઈટ્રેટ	૩૩.૦
યુરીયા	૪૬.૦
કેલ્શિયમ એમોનિયમ નાઈટ્રેટ	૨૬.૦
ફોસ્ફરસયુક્ત ખાતરો (ફોસ્ફોરીક અમ્લ ટકામાં)	
સુપર ફોસ્ફેટ	સીંગલ ૧૬ ટ્રીપલ ૪૮
ડાયકેલ્શિયમ ફોસ્ફેટ	૩૨
બેઝીક સ્લેગ	૨૩-૩૦
બોન મીલ (કાચું)	૨૦
બોન મીલ (સ્ટીમ્ડ)	૨૨
પોટાશયુક્ત ખાતરો (પોટાશ ટકામાં)	
પોટેશિયમ ક્લોરાઈડ (મ્યુરેટ ઓફ પોટાશ)	૫૮-૬૦
પોટેશિયમ સલ્ફેટ	૫૮-૬૦



ડો.જી.આર. ગોહિલ, જૂનાગટ કૃષિ યુનિવર્સિટી, જૂનાગટ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

ચોમાસું બાજરીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી









મહત્વ, વાવેતર વિસ્તાર અને ઉપયોગ : ભારત એ બાજરાનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. દેશમાં બાજરા પાકના વાવેતર વિસ્તારની દષ્ટિએ ગુજરાત એ રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી ત્રીજા નંબરનું રાજ્ય છે. રાજ્યમાં બાજરાનો કુલ વાવેતર વિસ્તાર આશરે ૪૫ થી ૫૦ લાખ હેકટર જેટલો છે તેમાંથી ૯૯ ટકાથી વધુ વિસ્તારમાં હાઈબ્રીડ બાજરાનું વાવેતર થાય છે જેમા બનાસકાંઠા ખાતે સૌથી વધુ ઉત્પાદક અને વાવેતર થાય છે. બાજરાનો પાક સામાન્ય રીતે ચોમાસુ ઋતુમાં લેવામાં આવે છે. પરંતુ જે વિસ્તારમાં પિયતની સુવિધાઓ છે તેવા વિસ્તારમાં ઉનાળુ ઋતુમાં પણ બાજરાનું વાવેતર અંદાજે ૨.૫ થી ૩.૦ લાખ હેકટરમાં કરવામાં આવે છે. બાજરો એ પ્રોટીન અને ફાઈબરનો ઉત્તમ સ્ત્રોત છે. તેમજ ગ્લુટેન મુક્ત હોવાથી, તે સેલિઆક રોગથી પીડિત લોકોને માટે ફાયદાકારક છે. બાજરાના દાણામાં રહેલ પોટેશિયમ અને મેગ્નેશિયમ બ્લડ પ્રેશર ઘટાડવામાં અને હૃદય અને રકતવાહિનીના આરોગ્યને જાળવવામાં મદદ કરે છે. બાજરાના દાણામાં ફાયટીક એસિડ અને નિયાસિન પણ ભરપુર હોય છે જે કોલેસ્ટરોલનું સ્તર ઘટાડવામાં મદદ કરે છે. બાજરામાં સારી ગુણવત્તા ધરાવતા રેષાનું પ્રમાણ વધારે અને ખાંડનું પ્રમાણ ઓછું હોવાથી ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે. બાજરાના દાણામાં કેલરી તેમજ વિટામિન્સ, ખનિજો અને એમિનો એસિડ ખુબ સારા પ્રમાણમાં હોવાથી તે બાળકો અને સગર્ભા સ્ત્રીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે.

ડો.રાકેશ.એસ.પરમાર, શ્રી અર્પિત.પી. ભુરીયા, ડો.ધવલ.એન.પડાળીયા અને ડો. આશિષ. જી. વાળા
૧. આચાર્ય. ૨ & ૩. મદદનીસ પ્રાધ્યાપક
પોલીટેકનિક ઇન એગ્રીકલચર,
જુનાગટ કૃષિ યુનિવર્સીટી, ધારી
૪. મદદનીસ પ્રાધ્યાપક કૃષિ મહાવિધાલય,
વિભાગ બાયો ટેક. જુનાગટ કૃષિ યુનિવર્સીટી, જુનાગટ

ખાસ કરીને ચોમાસું બાજરીનું વાવેતર ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પાટણ અને કચ્છ જીલ્લાઓમાં પિયતની સગવડતાવાળા વિસ્તારમાં થાય છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં ખેડા અને આણંદ જીલ્લામાં અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારના પણ બાજરીનું વાવેતર થાય છે. બાજરીનું વાવેતર માટે હંમેશા સર્ટીફાઉડ બિયારણ વાપરવું જોઈએ. ગુજરાતમાં ચોમાસું બાજરી વાવેતર મોટેભાગે હાયબ્રિડ બિયારણ થી થાય છે.

આબોહવાકીય જરૂરિયાતનુ મહત્વ : બાજરો એ ગરમ ભેજવાળા આબોહવાકીય વિસ્તારમાં થતો ટુકા દિવસનો વધુ પ્રકાશ સંશ્લેષણ શક્તિ ધરાવતો પાક છે. બાજરાના પાકને તેના સારા વિકાસ માટે ઊંચાં તાપમાનની જરૂર રહે છે. તેથી તે ગરમ ઋતુનો પાક કહેવાય છે. બાજરાનો પાક ૧૦° થી ૪૪° સે.ગ્રે. તાપમાનમાં થઈ શકે છે, પરંતુ બાજરાનાં છોડનો સારો વિકાસ થાય અને વધુ ઉત્પાદન મળે તે માટે ૨૮° થી ૩૩° સે.ગ્રે. તાપમાન વધુ અનુકુળ આવે છે. બાજરાના દાણાના ઉગાવાની અસર જુદા જુદા તાપમાને જુદી જુદી થતી હોય છે. બાજરાના દાણાનો ઉગાવો દિવસના ૨૮૦ થી ૩૩° સે.ગ્રે. તાપમાનમાં તેમજ રાત્રીના ૧૦ થી ૧૫ સે.ગ્રે. તાપમાનમાં સારો થાય છે.

જમીનની પસંદગી : બાજરાનો પાક લગભગ બધા જ પ્રકારની જમીનમાં ઉગાડી શકાય છે પરંતુ હલકી, રેતાળથી મધ્યમ કાળી જમીનમાં વધુ ઉત્પાદન આપે છે. જ્યાં બીજા પાકોનું સારી રીતે ઉત્પાદન ન લઈ શકાતું હોય તેવી જમીનમાં પણ બાજરાનો પાક સારું એવું ઉત્પાદન આપે છે. સૌરાષ્ટ્રની કાળી અને મધ્યમ કાળી જમીનમાં બાજરાનો પાક લેવામાં આવે છે. બાજરાના પાકને હવાની સારી અવરજવર વાળી, સારી નીતારશક્તિ ધરાવતી જમીન વધારે માફક આવે છે. ભારે જમીન કે જેમાં પાણીનો ભરાવો થતો હોય તેવી જમીન બાજરાના પાકને અનુકૂળ આવતી નથી. નવીનતમ

જાતની પસંદગી : જામનગર ખાતે ગુજરાત રાજ્યનું મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર આવેલું છે. જયાં બાજરાની જાતો બહાર પાડવાથી માંડીને તમામ પ્રકારની સંશોધનની કામગીરી કરવામાં આવે છે. જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલ જીએચબી ૫૫૮, જીએચબી ૫૩૮, જીએચબી ૫૭૭, જીએચબી ૯૦૫, જીએચબી ૭૧૯, જીએચબી ૭૪૪, જીએચબી ૫૫૭, જીએચબી ૭૩૨ જેવી જાતોનું વાવેતર કરવું જોઈએ અથવા તાજેતરમાં બાજરા સંશોધન કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલ બાયોફોર્ટીફાઈડ (લોહનું પ્રમાણ ૭૦ અને જસતનું પ્રમાણ ૮૦ પીપીએમથી વધારે) બાજરાની જાતો જીએચબી ૧૧૨૯, જીએચબી ૧૨૨૫ અથવા જીએચબી ૧૨૩૧નું વાવેતર કરવું જોઈએ. **(ક્રમશઃ)**

કપાસની ગુલાબી ઈયળની ઓળખ અને નુકસાન

ઈયળ અવસ્થાઃ ● આ ઈયળની પ્રથમ અને દ્રીતીય અવસ્થા સફેદ રંગની હોય છે ત્યારબાદ ઈયળનો વિકાસ થતાં તે ગુલાબી રંગની થતી જાય છે.

● પુખ્ત ઈયળનું માથું ઘાટા બદામી રંગનું અને કઠણ ઢાલ જેવુ હોય છે. પુખ્ત ઈયળ બે પ્રકારની જીવનકાળની અવસ્થાઓમાંથી પસાર થાય છે. એક ટૂંકી ઈયળ અવસ્થા પસાર કરી કોશેટોમાં રૂપાંતરીત થઈ જવું અને બીજું લાંબી ઈયળ અવસ્થા પસાર કરીને સુષુપ્તાવસ્થામાં પ્રવેશવું. ટૂંકી ઈયળ અવસ્થા મુખ્યત્વે દક્ષિણ ભારતમાં જોવા મળે છે, જ્યારે લાંબી ઈયળ અવસ્થા મુખ્યત્વે ઉતર અને મધ્ય ભારતમાં જોવા મળે છે.

● ઈયળ તેના લગભગ ૧૩ થી ૧૮ દિવસના જીવનકાળ દરમ્યાન જીંડવાને નુકશાન કરી કોશેટામાં રૂપાંતર થાય છે.

● પાક પૂરો થયા બાદ ઈયળ સુષુપ્ત અવસ્થામાં ૮ થી ૧૨ મહિના સુધી અને ક્યારેક ૨ વર્ષ સુધી જમીનમાં નુકશાન પામેલ જીંડવામાં રહે છે.

કોશેટો અવસ્થાઃ

● પુખ્ત ઈયળ, ખરી પડેલા જીંડવા કે નુકશાન વાળા જીંડવામાં રહેલ નુકસાનીત બે બીજ વચ્ચે પોતાનો કોશેટો બનાવે છે.

● કોશેટા અવસ્થા રેશાના કવચમાં જોવા મળે છે. કોશેટા કદમાં ૭ મીમી લાંબા હોય છે.

● આ જીવાતના કોશેટા શરૂઆતમાં ભૂખરા રંગના અને ત્યારબાદ ઘાટા ભૂખરા રંગનો કોશેટો થઈ તેમાં કોશેટો બનાવે છે અને તેમાંથી લગભગ ૬ થી ૨૦ દિવસમાં ગુલાબી ઈયળનું પુખ્ત કીટક બહાર આવે છે.

પુખ્ત અવસ્થાઃ

● આ જીવાતનું પુખ્ત ઘાટા બદામી રંગની હોય છે અને તેની આગળની પાંખો પર કાળા ટપકાં હોય છે જ્યારે પાછળની પાંખોની ધાર પર વાળની ઝાલર આવેલી હોય છે.

● આ ફૂદાંનું જીવનચક્ર ૧૫ થી ૨૦ દિવસમાં પૂર્ણ કરે છે. આ જીવાતની ૫ થી ૬ પેઢીઓ વર્ષ દરમ્યાન જોવા મળે છે.

● પાક પૂરો થવાના સમયે લાંબા જીવનકાળની ઈયળ અવસ્થાની છેલ્લી પેઢીની ઈયળો સુષુપ્ત અવસ્થા ધારણ કરે છે અને ક્યારેક ૨ વર્ષ સુધી સુષુપ્ત અવસ્થામાં રહે છે. પાકની અવધી દરમ્યાન આ જીવાતની કેટલી પેઢીઓ થવી અને ઈયળની સુષુપ્ત અવસ્થા ધારણ કરવી તેનો આધાર કપાસના બીજમાં રહેલા તેલનું પ્રમાણ, વાતાવરણનું તાપમાન અને ભેજનાં ટકા ઉપર આધારીત છે.

● સુષુપ્ત અવસ્થામાં પડેલ કોશેટામાંથી ચોમાસા (મે-જૂન) દરમ્યાન પુખ્ત ફૂદાં બહાર આવે છે. આ ફૂદાં મોટા ભાગે આ સમય દરમ્યાન ઈંડા મૂકતા નથી, તેથી તેને "આત્મઘાતી પેઢી" તરીકે ઓળખાય છે અને ત્યાર બાદ જુલાઈ-ઓગસ્ટ મહિનામાં નીકળેલ ફૂદાં એ મુકેલ ઈંડામાંથી નીકળેલ ઈયળો નુકશાન કારક હોય છે.

● આમ, આ જીવાતનું જીવનચક્ર ૨૦ થી ૭૦ દિવસમાં પૂર્ણ થાય છે તેમ છતાં જ્યારેતે સુષુપ્ત અવસ્થામાં જાય છે ત્યારે તેનું જીવનચક્ર ૧૧ થી ૧૨ મહિના સુધી પણ જોવા મળે છે.


●ગુલાબી ઇયળ દ્વારા થતું નુકશાનઃ

● સામાન્ય રીતે છોડમાં કળીઓ અને ફૂલ બેસવાની શરૂઆત થાય ત્યારે આ જીવાતનો ઉપદ્રવ શરૂ થાય છે, ઘણી વખત ઉપદ્રવિત ફૂલની પાંખડીઓ એકબીજા સાથે ભીડાઈ જઈ ગુલાબના ફૂલ જેવા આકારમાં (રોસેટ) ફેરવાઈ જાય છે.

● ઈંડામાંથી નીકળેલ ઈયળ બારીક સફેદ વાળ જેવી હોય છે. ઈંડા માંથી નીકળી ઈયળ નાનું કાણું પાડી ફુલ, કળી અથવા નાના જીંડવામાં દાખલ થાય છે. સમય જતા ઈયળે પાડેલ કાણું કુદરતી રીતે પુરાઈ જાય છે. ઈયળથી નુકશાન પામેલ ઉપદ્રવિત નાના જીંડવા, ભમરી અને ફુલ ખરી પડે છે.

● ઈયળ જીંડવાની અંદર દાખલ થઈને રૂ તેમજ બીજને નુકશાન કરે છે. ઘણીવાર એક કરતાં વધુ ઈયળ એક જ જીંડવામાં જોવા મળે છે તેમજ ઉપદ્રવિત જીંડવા નાના રહી જાય છે, જીંડવામાં રહેલ બીજની સ્ફુરણશક્તિ, તેલના ટકા તેમજ તેની આજુબાજુનું રૂ પીળું પડી જાય છે અને ગુણવતા પર માઠી અસર જોવા મળે છે. પરીણામે જીનીંગમાં પણ ઘટાડો જોવા મળે છે.

● સામાન્ય રીતે ગુલાબી ઈયળ દ્વારા થતું નુકશાન નરી આંખે જોતા ખ્યાલ આવતો નથી. જો ખેતરમાં જીંડવા બેડોળ થઈ ગયેલા જણાય તો એવું કહી શકાય કે ખેતરમાં ગુલાબી ઈયળની હાજરી છે.



કૃપા ડી. ચોડવડીયા
એમ.એસ.સી. વિધાર્થી, કિટકશાસ્ત્ર વિભાગ,
આંણદ કૃષિ યુનિવર્સીટી, આંણદ
ડો. વી. સી. ગટીયા
સહ પ્રાધ્યાપક, કૃષિ મહાવિદ્યાલય,
જુનાગટ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા


રેતીચોરીના આક્ષેપ બાદ મુખ્યમંત્રીએ મહેસાણા ભૂસ્તરશાસ્ત્રીની તાત્કાલીક અમરેલી કરી બદલી

મુખ્યમંત્રી સમક્ષ રજૂઆતના અડધા કલાકમાં કાર્યવાહી

મહેસાણા, તા.૩૦

મહેસાણાના વિસનગર તાલુકાના કડા ગામની ગૌચર જમીનમાં કથિત ગેરકાયદેસર ખનન અને માટી ચોરીના મામલે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત થયા બાદ ખાણ-ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી પ્રતીક શાહની બદલી કરી તેમને અમરેલી જિલ્લામાં મુકવામાં આવ્યા છે. કડા ગામની ગૌચર જમીનમાં આશરે રૂ.૯૮ લાખનું ગેરકાયદેસર ખનન થયું હોવાનો આક્ષેપ રજૂઆત દરમિયાન કરવામાં આવ્યો હતો.




મુખ્યમંત્રી સમક્ષ મામલો રજૂ થયાના આશરે અડધા કલાકમાં જ કાર્યવાહી કરવામાં આવી હોવાનો દાવો છે. અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ભૂસ્તર શાસ્ત્રીની જગ્યા ખાલી હતી અને રાજકોટના જે.આર. સાવનેર પાસે વધારાનો ચાર્જ હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ અધિકારીની નિયમિત હાજરીના અભાવે રેતીચોરી સહિતની ફરિયાદોમાં વધારો થયો છે.

રાજકોટને રાહત : ન્યારી-૧ માં સૌની યોજના હેઠળ ફરી નર્મદાનું પાણી શરૂ

રાજકોટ, તા.૩૦

રાજકોટમાં અપૂરતા વરસાદને કારણે આગામી ઉનાળામાં પીવાના પાણીની અછત સર્જાવાની ચિંતા વચ્ચે રાહતના સમાચાર સામે આવ્યા છે. સૌની યોજના હેઠળ છેલ્લા બે દિવસથી ન્યારી-૧ ડેમમાં ફરી નર્મદાનું પાણી ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું છે. ટેકનિકલ કારણોસર નર્મદાના પાણીનો પુરવઠો લગભગ એક સપ્તાહ સુધી બંધ રહ્યો હતો. ચાલુ વર્ષે રાજકોટમાં પૂરતો વરસાદ ન પડતાં આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં પાણીની નવી આવક ઓછી રહી છે.



પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર સમક્ષ તબક્કાવાર ૪૦૦૦ એમએમસીએફટી નર્મદાનું પાણી આપવાની માંગણી કરી હતી. મનપાની સતત રજૂઆતો બાદ ન્યારી-૧માં ફરી પાણી શરૂ કરાયું છે.હાલ આજી-૧ ડેમમાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું નથી, પરંતુ આગામી દિવસોમાં ત્યાં પણ પુરવઠો શરૂ થવાની શક્યતા છે. ન્યારી-૧માં પાણીની આવક શરૂ થતાં રાજકોટ શહેરમાં પાણીકાપની સંભાવના હાલ પૂરતી ઘટી છે અને ઉનાળામાં નિયમિત પીવાના પાણીનો પુરવઠો જળવાઈ રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ધોરાજી ભાદર નદીમાંથી પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો: પોલીસે તપાસ હાથ ધરી

ધોરાજી,તા.૩૦

ધોરાજીના શાંતિલાલ ઠેસીયા નામના ૫૨ વર્ષીય પ્રૌઢનો મૃતદેહ ભાદર નદીમાંથી મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ધોરાજી પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે મૃતદેહનો કબ્જો મેળવીને તેને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે સ્થાનિક સરકારી હોસ્પિટલ ખસેડ્યો છે. પ્રૌઢનું મોત આત્મહત્યાના કારણે થયું છે કે પછી કોઈ અન્ય દુર્ઘટના સર્જાઈ છે, તે અંગેનું સાચું કારણ પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થઈ શકશે. આ બનાવને પગલે ધોરાજી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને ઘટના પાછળના સાચા કારણો જાણવા માટે વધુ તપાસ ઝડપી બનાવી છે.

કૃષિ સાધનોની સહાય યોજનામાં ૧૫ દિવસનો વધારો : ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત સફળ

લાઠી,તા.૩૦

લાઠી-બાબરા-દામનગર વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ખેડૂતલક્ષી રજૂઆતને મોટી સફળતા મળી છે. ગુજરાત સરકાર દ્વારા કૃષિ સાધનોની ખરીદી માટે આપવામાં આવતી સરકારી સહાય મેળવવાની નિર્ધારિત સમયમર્યાદામાં ૧૫ દિવસનો વધારો કરવામાં આવ્યો છે.ઓછી સમયમર્યાદાના કારણે રાજ્યના અનેક ખેડૂતો અરજી અને ખરીદીની જરૂરી પ્રક્રિયા સમયસર પૂર્ણ કરી શકતા ન હતા. જેથી કોઈ પણ ખેડૂત સહાયથી વંચિત ન રહે તે હેતુથી ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજ્યના કૃષિમંત્રી સમક્ષ અસરકારક રજૂઆત કરી હતી. કૃષિ વિભાગે આ માંગણીનો સકારાત્મક સ્વીકાર



કરીને મુદ્દતમાં વધારો કર્યો છે.આ નિર્ણયથી ટ્રેક્ટર અને અન્ય આધુનિક કૃષિ સાધનો ખરીદવા ઈચ્છતા ખેડૂતોને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે પૂરતો સમય મળશે. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતો રાજ્યની અર્થવ્યવસ્થાનો પાયો છે અને તેમને યોજનાઓનો મહત્તમ લાભ મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે. આ સફળ રજૂઆત બદલ સમગ્ર વિસ્તારના ખેડૂતો અને કૃષિ આગેવાનોએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

ટીવીકે દ્વારા વિજયને વડાપ્રધાન પદના ઉમેદવાર દર્શાવતાં કોંગ્રેસમાં ચિંતા વધી

ચેન્નઈ,તા.૩૦

તમિલનાડુમાં તમિલનાડુ વેટ્ટી કઝગમ (ટીવીકે) ના કાર્યકરો અને નેતાઓ દ્વારા મુખ્યમંત્રી સી. જોસેફ વિજયને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરીને ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેનાથી ગઠબંધન ભાગીદાર કોંગ્રેસ પાર્ટીમાં ચિંતા અને નારાજગી ઉભી થઈ છે. તાજેતરમાં એક ટીવી સર્વેમાં વિજયને ૯ ટકા સમર્થન મળતાં અને રાહુલ ગાંધી પછી ત્રીજા ક્રમે દર્શાવવામાં આવતાં આ ઝુંબેશ વધુ ઝડપી બની છે, જેનાથી ઉત્તર અને દક્ષિણ ભારતના રાજકારણમાં અણબનાવના સંકેતો દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ નેતૃત્વનો ડર છે કે આ પ્રચારથી રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી ગઠબંધનના વલણ અંગે ગેરસમજ ઉભી થઈ શકે છે. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વિપક્ષી ચહેરા તરીકે રાહુલ ગાંધી જ સૌથી યોગ્ય દાવેદાર છે.

સુરતમાં ૧૫મો સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરત, તા. ૩૦



તસવીર : હાર્દિક બામટા

બગસરા પટેલ સમાજ વિકાસ મંચ-સુરત દ્વારા ૧૫મો સ્નેહમિલન સમારોહ તથા તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું કોસમાડા ખાતે હેપ્પીનેસ બેન્ક્વેટ હોલ, હેવન પાર્ટી પ્લોટ, કેનાલ રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. મંચના પ્રમુખ ભીખુભાઈ ટીંબડીયાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહાનુભાવો અને સમાજજનોનું સ્વાગત કર્યું હતું. વેલજીભાઈ શેટા, જી.આર. આસોદરિયા સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. વેલજીભાઈ શેટાએ પાટીદાર સમાજના ઉત્થાન અંગે વિચારો રજૂ કરી પરિવાર સુરક્ષા કવચ યોજનાની માહિતી આપી હતી. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતના પ્રમુખ કાનજીભાઈ આર. ભાલાળાએ સ્વાસ્થ્ય, સંપત્તિ અને પરિવારના પ્રેમને સુખી જીવનનો આધાર ગણાવ્યો હતો. રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકીયાએ ગીતાના શ્લોક સાથે સમાજની પ્રગતિ અને સંસ્કાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતે તેજસ્વી પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. મંત્રી હરેશભાઈ કુંજડીયાએ આભારવિધિ કરી હતી.

બગસરા પટેલ સમાજ વિકાસ મંચ દ્વારા બચાવવા જતાં કાર દુકાન સાથે અથડાઈ

ગોંડલ,તા.૩૦

ગોંડલના વ્યસ્ત ત્રણ ખૂણીયા વિસ્તારમાં આજે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઈડમાં અચાનક આવી ગયેલા બાઈક ચાલકને બચાવવાના પ્રયાસમાં કાર ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેથી બેકાબૂ બનેલી કાર સીધી એક બંધ દુકાનના શટર સાથે ધડાકાભેર અથડાઈ હતી.



જેતપુરના રવિભાઈ વોરા (ઉ.વ. ૩૫) પોતાના પરિવાર સાથે રૂપાવટી મહાપ્રભુજીની બેઠકે દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. અકસ્માત દરમિયાન કારે અન્ય બે બાઈકને પણ અડફેટે લીધાં હતાં. કારમાં સવાર મહિલા અને બાઈક ચાલકો સહિતના લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સદનસીબે રવિવાર હોવાથી બજાર અને સંબંધિત દુકાન બંધ હતી, જેથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક મદદ પૂરી પાડી હતી.

ગુરુ આશ્રમ બગદાણાને જોડતો રસ્તો ચાર માર્ગીય બનાવવા લોકમાગ

ઉના,તા.૩૦

મહાત્મા બજરંગદાસબાપાના ધામ બગદાણાને જોડતો ઠાડચથી બગદાણા સુધીનો ૧૫ કિલોમીટરનો રસ્તો અત્યંત સાંકડો અને ઝાડી-બાવળથી ઘેરાયેલો હોવાથી રોજબરોજ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. આ માર્ગ પર આવેલા ઠળિયા અને રાળગોન ગામમાંથી રસ્તો પસાર થતો હોવાથી વારંવાર



પાંચ કિલોમીટર સુધીનો લાંબો ટ્રાફિક જામ થાય છે.તારીખ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ બાપાની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે ૫૦ લાખથી વધુ ભાવિકો આવવાની શક્યતા છે. ભૂતકાળમાં કોન્ટ્રાક્ટરો દ્વારા ઈરાદાપૂર્વક રસ્તામાં વળાંકો આપવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. જેથી સરકારી નકશા મુજબ આ રસ્તો સીધો, ચાર માર્ગીય અને બંને ગામોમાં બાયપાસ કાઢી તાત્કાલિક પહોળો કરવામાં આવે તેવી શ્રદ્ધાળુઓ અને સ્થાનિકોની માંગ છે.

સાતમ-આઠમ નિમિત્તે ટીબીની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ત્રણ દિવસ બંધ રહેશે

ટીંબી,તા.૩૦

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ખાતે આવેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ સાતમ-આઠમના તહેવારો નિમિત્તે તા. ૨ સપ્ટેમ્બર, બુધવારથી તા. ૪ સપ્ટેમ્બર, શુક્રવાર સુધી ત્રણ દિવસ બંધ રહેશે. તા. ૫ સપ્ટેમ્બર, શનિવારથી હોસ્પિટલ ફરી રાબેતા મુજબ કાર્યરત થશે. રજાના દિવસોમાં ઈમરજન્સી અને પ્રસુતિ વિભાગ ૨૪ કલાક ચાલુ રહેશે. હોસ્પિટલમાં દર મંગળવારે નિયમિત રજા રહે છે. છેલ્લા ૧૫ વર્ષથી અહીં ઓપીડી, લેબ રિપોર્ટ, દવાઓ, એક્સ-રે, સોનોગ્રાફી, ઓપરેશન, ઈમરજન્સી, ઈકો અને ટીએમટી સહિતની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. દર્દી અને તેમના સગાઓને પણ નિઃશુલ્ક ભોજનની સુવિધા ઉપલબ્ધ છે.

સોમનાથ વિસ્તારમાં ગણપતિની મૂર્તિઓ બનાવવાનો પ્રારંભ

ઉના,તા.૩૦

સોમનાથ- પ્રભાસ-પાટણ વિસ્તારમાં આગામી ગણેશોત્સવ માટે મૂર્તિકારો ગણપતિની વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવવામાં વ્યસ્ત બન્યા છે. સોમનાથના હિરણ નદી જૂના પૂલ પાસે, વેરાવળ રેયોન રોડ ઉપર અને બાયપાસ પાસે એમ કુલ ૪૦થી ૫૦ દંગાઓમાં પરિવારો આ કામગીરી કરી રહ્યાં છે. એક દંગાના માલિક માંગરોળના લખમણ સોલંકીએ કહ્યું હતું કે, અમે મૂર્તિ બનાવવાનું શરૂ કરી દીધેલ છે અને તેની કિંમત રૂા. ૩૫૧થી પાંચ હજાર સુધીની છે. બીબા દ્વારા આવી મૂર્તિ બનાવવામાં સામાન્ય રીતે બે દિવસ થાય છે, તેના ઉપર



પેઈન્ટીંગ કલા અને અલંકારો માટે ગોલ્ડન પાણી કલર વાપરવામાં આવે છે.

ઉનાના કાજરડીના માછીમાર ૫ દિવસથી મધદરિયામાં લાપતા, પરિવારમાં ચિંતા

ઉના,તા.૩૦

દીવના વણાકબારાથી માછીમારી માટે નીકળેલી બોટમાંથી ઉના તાલુકાના કાજરડી ગામના ૩૫ વર્ષીય માછીમાર દેવશીભાઈ બાબુભાઈ મકવાણા મધદરિયામાં પડી જતાં લાપતા થયા છે.

૫ દિવસ વીતવા છતાં તેમનો કોઈ પત્તો ન મળતાં પત્ની અને ત્રણ બાળકો



સહિત પરિવારજનો ભારે ચિંતામાં મૂકાયા છે.તા. ૧૯ ઓગસ્ટે નીકળેલી 'IND-DD-02-MM-710' નંબરની બોટ માઢવાડ સામે ૧૧ નોટિકલ માઈલ દૂર ફિશિંગ કરી રહી હતી. તા. ૨૭ ઓગસ્ટે વહેલી સવારે સાથી ખલાસીઓ જગાડવા ગયા ત્યારે દેવશીભાઈ ગાયબ મળ્યા હતા. બોટમાં ૩ દિવસ સુધી દરિયામાં શોધખોળ કરવા છતાં તેઓ ન મળતાં બોટ કાંઠે પરત ફરી હતી. બોટ માલિકે સરપંચ પ્રતિનિધિ મારફતે પરિવાર તેમજ પોલીસ અને ફિશરીઝ વિભાગને ઘટનાની જાણ કરી હતી.

ગીરગઢડા પંથકમાં વરસાદ ખેંચાતા મછુંન્દ્રી ડેમ માત્ર ૪૮% ભરાયો ૪૮ ગામો પર પાણીનું સંકટ ઘેરાયું

ગીરગઢડા,તા.૩૦

ગીરગઢડા પંથકમાં ચાલુ વર્ષે ઓગસ્ટના અંત સુધીમાં માત્ર ૧૭ ઈંચ (૪૩૦ એમ.એમ.) વરસાદ નોંધાતા ખેડૂતો અને ગ્રામજનો માટે જીવાદોરી સમાન મછુંન્દ્રી ડેમ માત્ર ૪૮ ટકા જ ભરાયો છે. જેના કારણે ગીરગઢડા તાલુકાના ૨૧ ગામોને સિંચાઈ અને ૨૭ ગામોને પીવાના પાણી પુરવઠા અંગે આગામી દિવસોમાં ગંભીર સંકટ ઊભું થવાની પૂરી શક્યતા



દર્શાવાઈ રહી છે.સામાન્ય રીતે ૫૦ ઈંચ સરેરાશ વરસાદ ધરાવતા આ વિસ્તારમાં ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો, જ્યારે આ વર્ષે ઓછો વરસાદ થતાં પાણીની આવક ઘટી છે. મછુંન્દ્રી સિંચાઈ યોજનાના મદદનીશ ઈજનેર કે.ડી. ચાવડાના જણાવ્યા મુજબ, જો વરસાદ હજુ પણ ખેંચાશે તો ખેડૂતોને કેનાલ મારફતે અપાતા સિંચાઈના પાણીમાં કાપ મૂકવાની ફરજ પડી શકે છે. ઉપરાંત, ડેમના કુલ જથ્થામાંથી ૫ ટકા પાણી વન્યપ્રાણીઓ માટે ડેડ સ્ટોરેજ તરીકે રાખવામાં આવે છે. હાલ ખેડૂતો અને ગ્રામજનો મેઘરાજા મહેર કરે તેવી આશ સાથે મીટ માંડીને બેઠા છે.

૭ મહિનામાં માત્ર ૧૦% કામગીરી થતાં વાહનચાલકો પરેશાન

રાજુલા-સાવરકુંડલા હાઈવેનું કામ અધૂરું મૂકી કોન્ટ્રાક્ટર ગાયબ

રાજુલા,તા.૩૦

રાજુલા અને સાવરકુંડલા વિધાનસભા ક્ષેત્રને જોડતા મુખ્ય માર્ગનું નિર્માણ કાર્ય એજન્સી દ્વારા અધૂરું છોડી દેવામાં આવતાં વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર થયેલા આ રોડ માટે ૧૮ મહિનાની સમયમર્યાદા આપવામાં આવી હતી. પરંતુ ૭ મહિના કરતાં વધુ સમય વિતી ગયા છતાં માર્ગ અને મકાન વિભાગની બેદરકારીના કારણે માત્ર ૧૦ ટકા જેટલું જ કામ પૂર્ણ થયું છે.આંબરડી અને જાબાળ નજીક રોડ સાઈડ ખોદીને જંગલ કટિંગ કર્યા બાદ હાલ તમામ કામગીરી સંપૂર્ણપણે બંધ છે. સુપરવિઝનના અભાવે કોન્ટ્રાક્ટરની મનમાની વધી રહી હોવાના આક્ષેપ સાથે બાઢડા, થોરડી, ઝાંપોદર અને માંડરડી સહિતના ગ્રામીણ વિસ્તારોની પ્રજામાં ભારે રોષ


તસવીર : ગોપાલ રાઠોડ

વ્યાપ્યો છે. ઉદ્યોગોથી ધમધમતા આ પંથકમાં જિલ્લા મથકે જવા માટે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સ્થાનિકો અને વાહનચાલકોએ આ બાબતે માર્ગ-મકાન વિભાગ અને એજન્સી સામે તપાસ કરી વહેલી તકે કામ શરૂ કરવાની ઉગ્ર માંગ કરી છે.

જિલ્લા મથક જવા માટે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

રાજુલા જાફરાબાદ પંથક ઉદ્યોગીક એકમથી ધમધમી રહ્યો છે જિલ્લા મથક અમરેલી જિલ્લામાં જવા માટેનો મુખ્ય માર્ગ રાજુલા સાવરકુંડલા માર્ગ અધૂરો હોવાથી વાહન ચાલકો આકોશિત બની રહ્યા છે ભારે નારાજગી સરકાર સામે વધી રહી છે બીજી તરફ સાવરકુંડલાથી રાજુલા તરફ આવતા વાહન ચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે કાયમી નિરાકરણ લાવવા લોકોએ માંગણી કરી છે.

રાજુલા માર્ગ મકાન વિભાગના અધિકારીએ એજન્સીનો બચાવ કર્યો

રાજુલા માર્ગ મકાન વિભાગ અધિકારી અભિજીત સિંહ ગોહિલનો સંપર્ક કરતા કહ્યું દોઢ વર્ષની ટાઈમ લિમિટ છે અને ૬ મહિના પેલા કામ શરૂ કર્યું હતું અત્યારે કામ આમ તો બંધ તો નથી પણ કામ ધીમું ચાલુ છે.

અમદાવાદમાં ૬ વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનાર પાડોશીને ૨૦ વર્ષની સખત કેદ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ અને જાતીય સતામણીના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે ૫૧ વર્ષીય આરોપી હસન શેખને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ. ૫૦ હજારનો દંડ તેમજ પીડિત બાળકીને રૂ. ૫.૫૦ લાખ વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. ફરિયાદ મુજબ, બાળકી આરોપીની પૌત્રી સાથે રમવા માટે તેના ઘરે જતી હતી. આ દરમિયાન આરોપીએ બાળકી સાથે અશ્લીલ હરકતો કરી દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં બાળકીની તબિયત બગડતાં તેણે પરિવારજનોને સમગ્ર હકીકત જણાવી હતી. પોલીસે તપાસ બાદ ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટમાં બાળકીની જુબાની અને અન્ય પુરાવાઓને આધારે આરોપીને સજા કરવામાં આવી હતી.

હવેથી સુરત રેલવે સ્ટેશન પર થૂંકવું ભારે પડશે: રૂ. ૧,૦૦૦નો થશે દંડ

સુરત, તા.૩૦

સુરત રેલવે સ્ટેશન પર હવે ગંદકી ફેલાવવી મુસાફરોને ભારે પડી શકે છે. રેલવે તંત્ર દ્વારા સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા જાળવવા માટે નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે. હવે સ્ટેશન પર થૂંકતા કે કચરો ફેંકતા મુસાફર ઝડપાશે તો તેની પાસેથી રૂ. ૧,૦૦૦નો દંડ વસૂલવામાં આવશે. અગાઉ



આ પ્રકારની ગંદકી કરવા બદલ રૂ. ૫૦૦નો દંડ લેવામાં આવતો હતો, જેમાં વધારો કરવામાં આવ્યો છે.નવા નિયમ મુજબ, ગંદકી કરતા ઝડપાયેલા મુસાફર પાસેથી સ્થળ પર જ પેનલ્ટી વસૂલવામાં આવશે. જો કોઈ મુસાફર દંડ ભરવાનો ઈનકાર કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી કેસ કોર્ટ સુધી લઈ જવામાં આવશે. રેલવે તંત્ર દ્વારા નવા નિયમનો કડક અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. ઉધના અને સુરત રેલવે સ્ટેશન પર ચેકિંગ દરમિયાન ગંદકી કરતા બે મુસાફરો સામે કાર્યવાહી કરી રૂ. ૧,૦૦૦ની પેનલ્ટી વસૂલવામાં આવી હતી.

વડોદરામાં ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીએ આપઘાત કરતા પરિવાર શોકમાં

વડોદરા, તા.૩૦

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષીય વિદ્યાર્થીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. વિદ્યાર્થી બેંક મેનેજરનો એકનો એક પુત્ર હતો. પરિવારજનોની જાણ બાદ બાપોદ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ વિદ્યાર્થીને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ૭૪ ટકા મળ્યા હતા.

પરિણામ બાદ તે કરિયર અને ભવિષ્યને લઈને ચિંતામાં હતો કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે. જોકે, આપઘાતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ગોંડલના માંડણકુંડલા અને શ્રીનાથગઢ વચ્ચે અકસ્માતમાં શ્રમિકનું મોત, બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત

ગોંડલ, તા. ૩૦

ગોંડલ પંથકમાં માંડણકુંડલા અને શ્રીનાથગઢ વચ્ચે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. શ્રીનાથગઢ નજીક આગળ જતી પાણીપૂરીની રેકડી સાથે બાઈક અથડાતાં બાઈક ચાલક શ્રમિકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.મૃતક રાજેશભાઈ મૂળ મધ્યપ્રદેશના બળવાણી જિલ્લાના વતની હતા અને છેલ્લા બે વર્ષથી દેવચડી ગામે ખેતમજૂરી કરતા હતા. તેઓ પોતાના પુત્ર શિવમ (ઉ.વ. ૧૬) અને કૌટુંબિક સગા જીતેનભાઈ કોટવાલ (ઉ.વ. ૨૭) સાથે બાઈક પર વાસાવડ



ખાતે સંબંધીના ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાંથી જીતેનભાઈની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર અર્થે રાજકોટ રિફર કરવામાં આવ્યા છે. પરિવારના મોભીના અચાનક અવસાનથી શ્રમિક પરિવારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

ગુજરાતના શ્રેષ્ઠ ૧૦ ધારાસભ્યોમાં સ્થાન મેળવનાર ધારાસભ્ય જનક તળાવીયાનું સન્માન

બાબરા,તા.૩૦

ગાંધીનગર ખાતે યોજાયેલા ભવ્ય "Shining India Top ૧૦ Best MLA Awards – Gujarat ૨૦૨૬" સમારોહમાં લાઠી-બાબરા-દામનગર વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને "Best MLA Award"થી સન્માનિત કરવામાં આવ્યા છે. Shining India News & Survey



Ltd. દ્વારા આયોજિત આ એવોર્ડ સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ જનસેવા અને વિકાસકાર્યો કરનાર લોકપ્રતિનિધિઓને બિરદાવવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે આયોજિત આ ક્ષણના સાક્ષી બનવા ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન સ્વીકારતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ તેમની સાથે સમગ્ર લાઠી-બાબરા-દામનગર પંથકની જનતા અને કાર્યકર્તાઓનું સન્માન છે. આ સિધ્ધિ બદલ સમગ્ર વિસ્તારમાં ખુશી અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

દિલ્હીમાં આજે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭નો કર્ટન રેઝર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭નો કર્ટન રેઝર કાર્યક્રમ ૩૧ ઓગસ્ટે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન યોજાનારી સમિટની પૂર્વભૂમિકા રૂપે યોજાનારા કાર્યક્રમમાં મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉદ્યોગજગતના અગ્રણી પ્રતિનિધિઓ સાથે સંવાદ કરશે. મુખ્યમંત્રી વિવિધ કંપનીઓના ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન બેઠકો યોજી રોકાણની તકો, વિસ્તરણ યોજનાઓ અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરશે. રિન્યુએબલ એનર્જી, ઓટોમોબાઈલ, સેમિકન્ડક્ટર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેલ્થકેર, ફાર્મા, આઈટી, એઆઈ, ડેટા સેન્ટર અને બેન્કિંગ સહિતના ક્ષેત્રો પર વિશેષ ચર્ચા થશે.

જુનાગઢમાં સગીરા દુષ્કર્મ કેસમાં ચાર વર્ષે ચુકાદો

જુનાગઢ, તા.૩૦

જુનાગઢના એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં વર્ષ ૨૦૨૨માં સગીરાનું અપહરણ કરી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના કેસમાં ચાર વર્ષ બાદ ચુકાદો આવ્યો છે. સુખનાથ ચોકના તાર બંગલા પાછળ રહેતા મહમદ અવેશ બલોચ સામે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કેસની સુનાવણી દરમિયાન કોર્ટે ૧૪ સાક્ષીઓ તથા ૪૬ જેટલા દસ્તાવેજી અને અન્ય પુરાવાઓ ધ્યાને લીધા હતા. છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ અમિત રાણાએ ૨૯ ઓગસ્ટે આરોપીને દોષિત ઠેરવી પોક્સો એક્ટ હેઠળ ૧૦ વર્ષની સખત કેદ તથા રૂ.૧૦ હજારના દંડની સજા ફટકારી છે.

ઢસામાં SMCના દરોડામાં રૂ.૫૫.૭૭ લાખનો દારૂ ઝડપાયો, પીઆઈ સસ્પેન્ડ

ભાવનગર, તા.૩૦

બોટાદ જિલ્લાના ઢસા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા અનીડા ગામની સીમમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે રૂ.૫૫.૭૭ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. મોટી માત્રામાં દારૂ ઝડપાતા ઢસા પોલીસની કામગીરી સામે સવાલો ઊઠ્યા હતા. આ મામલે ફરજમાં



બેદરકારી અને નિષ્કાળજી બદલ ઢસા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. પંચાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્શન દરમિયાન તેમને રાજકોટ હેડક્વાર્ટર ખાતે મુકવામાં આવ્યા છે. પીઆઈ પંચાલના સસ્પેન્શન બાદ ઢસા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ વી.એલ. સાકરીયાને સોંપાયો છે.

સમગ્ર મામલે પોલીસ તંત્ર દ્વારા વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.



ગુજરાતના શિક્ષકો દિલ્હી ગજવશે: જંતર-મંતરથી સંસદ સુધી આંદોલનનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા લાંબા સમયથી પડતર માંગણીઓને લઈને વ્યાપક આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવા તેમજ ટેટ પરીક્ષામાંથી મુક્તિ આપવા સહિતની માંગણીઓને લઈને શિક્ષકો હવે સરકાર સામે આંદોલનના માર્ગે આગળ વધશે. આ વિરોધ માત્ર ગુજરાત પૂરતો



મર્યાદિત ન રહેતા દિલ્હીના જંતર-મંતરથી સંસદ સુધી પહોંચશે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના માર્ગદર્શન હેઠળ આંદોલન ત્રણ તબક્કામાં યોજાશે. આગામી ૫ સપ્ટેમ્બરના રાષ્ટ્રીય શિક્ષક દિને રાજ્યભરના શિક્ષકો હાથ પર કાળી પટ્ટી ધારણ કરીને બ્લેક ડે મનાવી વિરોધ નોંધાવશે. ત્યારબાદ ૭થી ૯ ઓક્ટોબર દરમિયાન દિલ્હીના જંતર-મંતર ખાતે ઝોનલ કક્ષાના ધરણાં યોજાશે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્તરના વિશાળ ધરણાંનું પણ આયોજન કરવામાં આવશે. ટેટ પરીક્ષામાંથી મુક્તિ અને જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે શિક્ષકો મોટી સંખ્યામાં જોડાય તેવી તૈયારીઓ શરૂ કરાઈ છે.

